સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**બિનસચિવાલય / GPSC 1/2 / સિ. કલાર્ક / PSI / કોન્સ્ટેબલ તથા અન્ય તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે હાઈસ્કોર ગેરેન્ટેડ મેગા લેક્ચર**

**હજારો વિદ્યાર્થીઓની સફળતા બાદ અમદાવાદમાં સૌપ્રથમવાર**

Hurry Up ! for Reg. (Limited Seats)



MAULIK SIR
DIRECTOR - ICE

## ભારતનું બંધારણ મેગા લેક્ચર

બંધારણમાં સ્કોર કરવાની ગેરેંટી

માત્ર છ દિવસના મેગા લેક્ચરમાં સંપૂર્ણ બંધારણ યાદ રખાવવા અતિ વિશિષ્ટ રજૂઆત

17 to 22 AUGUST
MOR : 8 : 00 to 12 : 00
AHMEDABAD

બંધારણની વિશેષ સમજ શક્તિ અને ઊંડાણપૂર્વકનો અભ્યાસ

રજિસ્ટ્રેશન ફરજિયાત
84695-01110
84696-01110


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


[AUGUST-2019] [04/08 to 10/08] **WEEK-32**

### CURRENT TOPIC

**ARTICAL 370**

સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા વધારવા માટે કેબિનેટની મંજૂરી

ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદને ગુએનાનું સર્વોચ્ચ સન્માન 'The National Order of Merit' એનાયત

- ભારતના પૂર્વ વિદેશ મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા શ્રીમતી સુષ્મા સ્વરાજનું નિધન
- ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી સહિત ત્રણ મહાનુભાવોને ભારત રત્ન એનાયત
- 66th National Film Awards 2019


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

**04 AUGUST, 2019 SUNDAY**

## ➤ 1 થી 7 ઓગસ્ટ : વિશ્વ સ્તનપાન સપ્તાહ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે **1 થી 7 ઓગસ્ટ** દરમિયાન **'વિશ્વ સ્તનપાન સપ્તાહ' (World Breast Feeding Week)**ની ઉજવણી કરવામાં આવે છે.

- આ વીકની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં સ્તનપાનને પ્રોત્સાહન આપવાનો છે.
- ભારત સરકારના **મહિલા અને બાળ વિકાસ મંત્રાલય** અંતર્ગતના **ખાદ્ય અને પોષણ બોર્ડ** દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2019ની 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની થીમ **'Empower Parents, Enable Breast Feeding' (માતાપિતાને સશક્ત બનાવો, સ્તનપાનને સક્ષમ કરો)** છે.
- આ સપ્તાહની ઉજવણીની શરૂઆત 1991થી થઈ હતી.

## ➤ સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા વધારવા માટે કેબિનેટની મંજૂરી

તાજેતરમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતની **સુપ્રીમ કોર્ટ**ના ન્યાયાધીશોની સંખ્યા વધારવા માટે મંજૂરી આપવામાં આવી છે.

- ભારતની સુપ્રીમ કોર્ટમાં અત્યાર સુધી સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત ન્યાયાધીશની **કુલ સભ્ય સંખ્યા 31** રાખવાની જોગવાઈ છે.
- જે વધારીને હવે **34** કરવામાં આવશે.

### કોની અરજીના સંદર્ભમાં આ નિર્ણય લેવાયો છે ?

ભારતની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ **શ્રી રંજન ગોગોઈ**ની અરજીના સંદર્ભમાં આ નિર્ણય લેવાયો છે.

- સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા વધારવા માટે ચીફ જસ્ટિસ શ્રી રંજન ગોગોઈએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને પત્ર લખ્યો હતો.
- આથી, કેબિનેટ દ્વારા આ નિર્ણય લેવાયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## આ માટે કયા એક્ટમાં સુધારો કરવામાં આવ્યો છે ?

ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(1)** મુજબ **સંસદ** સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યામાં વધારો કે ઘટાડો કરી શકે છે.

- આ માટે ભારતમાં સંસદે **'The Supreme Court (Number of Judges) Act, 1956'** અથવા તો **'સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) અધિનિયમ, 1956'** નામનો એક એક્ટ ઘડ્યો હતો.
- ભારતમાં **1950**માં સુપ્રીમ કોર્ટની સ્થાપના સમયે સુપ્રીમ કોર્ટમાં શરૂઆતમાં **1 મુખ્ય ન્યાયાધીશ** અને **અન્ય 7 ન્યાયાધીશ** મળીને કુલ **8 ન્યાયાધીશો** હતા.
- ત્યારબાદ **'સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) અધિનિયમ, 1956'** નામના એક્ટ દ્વારા **1956**માં આ સંખ્યા **8થી** વધારીને **કુલ 11** કરવામાં આવી હતી.
- ત્યારબાદ **1956**ના આ એક્ટમાં વખતોવખત સંશોધન કરીને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની સંખ્યા વધારવામાં આવી છે. જે આ પ્રમાણે છે :

**સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશની સંખ્યા**

| ક્રમ | વર્ષ | મુખ્ય ન્યાયાધીશ | અન્ય ન્યાયાધીશ | કુલ |
|---|---|---|---|---|
| 1 | 1950 | 1 | 7 | 8 |
| 2 | 1956 | 1 | 10 | 11 |
| 3 | 1960 | 1 | 13 | 14 |
| 4 | 1978 | 1 | 17 | 18 |
| 5 | 1986 | 1 | 25 | 26 |
| 6 | 2008-09 | 1 | 30 | 31 |
| 7 | 2019 | 1 | 33 | 34 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આ માટે તાજેતરમાં કયું બિલ પસાર કરવામાં આવ્યું છે ?

**'The Supreme Court (Number of Judges) Act, 1956'**માં સંશોધન કરીને ભારતમાં સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશોની સંખ્યા વધારવા માટે તાજેતરમાં **'The Supreme Court (Number of Judges) Amendment Bill, 2019'** ભારતની સંસદમાં પસાર થયું છે.

- કેન્દ્રીય કાયદા મંત્રી **શ્રી રવિ શંકર પ્રસાદ** દ્વારા સૌપ્રથમ લોકસભામાં આ બિલ રજૂ કરવામાં આવ્યું હતું.
- સૌપ્રથમ લોકસભામાં પસાર થયા બાદ રાજ્યસભામાં પણ આ બિલ પસાર થઈ ગયું છે.
- સંસદમાં પસાર થયેલા આ બિલમાં ભારતની સુપ્રીમ કોર્ટમાં **મુખ્ય ન્યાયાધીશ સિવાય**ના **અન્ય ન્યાયાધીશો**ની સંખ્યા **30થી વધારીને 33 કરવાની** જોગવાઈ કરવામાં આવી છે.
- આથી, હવે રાષ્ટ્રપતિની મંજૂરી બાદ ભારતની સુપ્રીમ કોર્ટમાં મુખ્ય ન્યાયાધીશ સહિત ન્યાયાધીશોની કુલ સંખ્યા વધીને **34** થઈ જશે.

## સુપ્રીમ કોર્ટ

- ભારતીય બંધારણના **ભાગ-5**માં **અનુચ્છેદ 124થી 147** અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય આખરી અને સર્વમાન્ય ગણવામાં આવે છે.
- **28 જાન્યુઆરી, 1950**ના રોજ **નવી દિલ્હી** ખાતે **Chamber of Princes**માં સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અગાઉ ભારતમાં **'ભારત સરકાર અધિનિયમ, 1935'** હેઠળ **'ફેડરલ કોર્ટ'**ની સ્થાપના કરવામાં આવી હતી.
- સુપ્રીમ કોર્ટ એ આ **'ફેડરલ કોર્ટ'**ની અનુગામી સંસ્થા છે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

- સુપ્રીમ કોર્ટની હાલની ઈમારતની ડિઝાઈનના સ્થપતિ **શ્રી ગણેશ ભીખાજી ડિયોલાલીકર** હતા.
- ભારતીય બંધારણના અનુચ્છેદ **124**માં **સર્વોચ્ચ અદાલત**ની **સ્થાપના**ની જોગવાઈ છે.
- સુપ્રીમ કોર્ટનો **મુદ્રાલેખ** છે : **'યતો ધર્મસ્તતો જયઃ'** એટલે કે **''જયાં ધર્મ છે ત્યાં જ વિજય છે.''**
- સુપ્રીમ કોર્ટમાં ન્યાયિક કામકાજ માટે **અંગ્રેજી ભાષા**નો ઉપયોગ કરવામાં આવે છે.
- ભારતમાં સૌપ્રથમ ઈ.સ. **1861**માં **કોલકાતા** બાદ **મુંબઈ** અને **મદ્રાસ** ખાતે અદાલતની સ્થાપના થઈ હતી. (આ અદાલતોની સ્થાપના **'ભારતીય ઉચ્ચ ન્યાયાલય અધિનિયમ, 1862'** મુજબ કરવામાં આવી હતી.)

## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(3)** મુજબ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની **લાયકાત** નીચે મુજબ છે :

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) તેઓ 5 વર્ષથી હાઈકોર્ટના (વડી અદાલતના) ન્યાયાધીશ હોવા જોઈએ. અથવા તેઓ 10 વર્ષથી હાઈકોર્ટના વકીલ હોવા જોઈએ. અથવા રાષ્ટ્રપતિના મતાનુસાર તેઓ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી હોવા જોઈએ.

**નોંધ :** (1) સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વધુમાં વધુ **65 વર્ષ**ની ઉંમર સુધી પદ પર રહી શકે છે.

(2) જોકે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટે ન્યૂનતમ વય મર્યાદા નક્કી કરવામાં આવી નથી.

(3) ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(2)** મુજબ **રાષ્ટ્રપતિ** દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની **નિમણૂક** કરવામાં આવે છે.

(4) ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(4)** અંતર્ગત દર્શાવેલ પ્રક્રિયા અનુસાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને તેમના પદ પરથી દૂર કરી શકાય છે.

## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક માટેની Collegium શું છે ?

ભારતમાં સુપ્રીમ કોર્ટના **મુખ્ય ન્યાયાધીશ** અને સુપ્રીમ કોર્ટના **ચાર સૌથી વરિષ્ઠ ન્યાયાધીશના મંડળ**ની સલાહથી રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવે છે.

- સુપ્રીમ કોર્ટના આ ચાર સૌથી વરિષ્ઠ ન્યાયાધીશના મંડળને **'Collegium'** તરીકે ઓળખવામાં આવે છે.
- આ **'Collegium'**માં સુપ્રીમ કોર્ટના ભાવિ મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ કરવો અનિવાર્ય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશનો પગાર

ભારતમાં વર્તમાન સમયે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશનો માસિક પગાર રૂ. 2,50,000 છે.

- જ્યારે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનો માસિક પગાર રૂા. 2,80,000 છે.

## ભારતની સુપ્રીમ કોર્ટમાં ત્રણ મહિલા જજ

ભારતની સુપ્રીમ કોર્ટમાં હાલ (4 ઓગસ્ટ, 2019ની સ્થિતિએ) ત્રણ મહિલા જજો કાર્યરત છે.

- ભારતની સુપ્રીમ કોર્ટમાં એક સાથે ત્રણ મહિલા, જજ તરીકે કાર્યરત હોય એવી સુપ્રીમ કોર્ટના ઈતિહાસની આ પ્રથમ ઘટના છે.

### ભારતની સુપ્રીમ કોર્ટમાં વર્તમાન સમયે કાર્યરત મહિલા જજ

| ક્રમ | નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | જસ્ટિસ આર. બાનુમથી | તમિલનાડુ |
| 2 | જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા | દિલ્હી |
| 3 | જસ્ટિસ ઈન્દિરા બેનર્જી | પશ્ચિમ બંગાળ |

નોંધ : જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા વકીલમાંથી સીધા જ સુપ્રીમ કોર્ટના જજ બનનાર પ્રથમ મહિલા જજ છે.

## સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

- સુપ્રીમ કોર્ટના વર્તમાન (4 ઓગસ્ટ, 2019ની સ્થિતિએ) મુખ્ય ન્યાયાધીશ શ્રી રંજન ગોગોઈ ભારતના 46મા મુખ્ય ન્યાયાધીશ છે.
- સુપ્રીમ કોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ શ્રી હરિલાલ જે. કણિયા ગુજરાતી હતા.
- જસ્ટિસ મુહમ્મદ હિદાયતુલ્લાહ સુપ્રીમ કોર્ટના એવા મુખ્ય ન્યાયાધીશ હતા કે જેમણે ભારતના કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી.

નોંધ : (1) સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ શ્રીમતી ફાતિમાબીબી હતા.

(2) જેમની વિરુદ્ધ સૌપ્રથમ વખત ન્યાયાધીશ પદેથી હટાવવાનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હોય તેવા સુપ્રીમ કોર્ટના પ્રથમ ન્યાયાધીશ શ્રી વી. રામાસ્વામી હતા. જોકે તેમની વિરુદ્ધનો આ પ્રસ્તાવ પાછો ખેંચવામાં આવ્યો હતો.

### ગુજરાતમાં જન્મ થયો હોય તેવા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

| ક્રમ (કેટલામા મુખ્યન્યાયાધીશ) | નામ | જન્મ સ્થળ |
|---|---|---|
| 1 | શ્રી હરિલાલ જે. કણિયા | નવસારી |
| 12 | શ્રી જયંતિલાલ છોટાલાલ શાહ | અમદાવાદ |
| 17 | શ્રી પી. એન. (પ્રફુલ્લચંદ્ર નટવરલાલ) ભગવતી | અમદાવાદ |
| 26 | શ્રી અઝીઝ મુશ્બર અહમદી | સુરત |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** સુપ્રીમ કોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ <u>શ્રી હરિલાલ જે. કણિયા</u>ના ભત્રીજા <u>શ્રી એમ. એચ. (મધુકર હિરાલાલ) કણિયા</u> પણ ભારતના મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા. જોકે, શ્રી એમ. એચ. કણિયાનો જન્મ <u>મુંબઈ</u>માં થયો હતો.

### સુપ્રીમ કોર્ટ સંબંધિત બંધારણના મહત્ત્વના અનુચ્છેદ

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| 124 થી 147 | સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ |
| 124 | સુપ્રીમ કોર્ટની સ્થાપના |
| 124(1) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યામાં ફેરફાર કરવાની સંસદની સત્તા |
| 124(2) | રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક |
| 124(3) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત |
| 124(4) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયા |



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE ? Questions

1. સમગ્ર વિશ્વમાં 1 થી 7 ઓગસ્ટ દરમિયાન કયા સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે ?
(A) વિશ્વ પર્યાવરણ બચાવો સપ્તાહ (B) વિશ્વ વન્ય જીવ સંરક્ષણ સપ્તાહ
(C) વિશ્વ સ્તનપાન સપ્તાહ (D) વિશ્વ બાળ સુરક્ષા સપ્તાહ
(C)

2. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 1થી 7 જૂન (B) 1થી 7 જુલાઈ (C) 1થી 7 ઓગસ્ટ (D) 1થી 7 સપ્ટેમ્બર
(C)

3. વર્ષ 2019ની 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની થીમ શું છે ?
(A) Empower Parents, Enable Breastfeeding
(B) Empower Mothers, Enable Breastfeeding
(C) Breastfeeding : Foundation of Life
(D) ત્રણમાંથી કોઈ નહિ
(A)

4. તાજેતરમાં ભારતમાં કેન્દ્રીય કેબિનેટે ભારતની સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશોની સંખ્યા 30થી વધારીને કેટલી કરવા મંજૂરી આપી છે ?
(A) 33 (B) 34 (C) 35 (D) 36
(A)

5. તાજેતરમાં ભારતની સંસદમાં પસાર થયેલા એક બિલની જોગવાઈ અનુસાર આ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ ભારતમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત કુલ ન્યાયાધીશોની સંખ્યા 31થી વધીને કેટલી થઈ જશે ?
(A) 33 (B) 34 (C) 35 (D) 36
(B)

6. ભારતમાં સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશોની સંખ્યા વધારીને 33 કરવા માટે તાજેતરમાં ભારતની સંસદમાં કયું બિલ રજૂ કરવામાં આવ્યું હતું ?
(A) સુપ્રીમ કોર્ટ ન્યાયાધીશો બિલ, 2019
(B) સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) બિલ, 2019
(C) સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સંશોધન બિલ, 2019
(D) ત્રણમાંથી કોઈ નહિ
(C)

7. ભારતમાં સુપ્રીમ કોર્ટમાં અન્ય ન્યાયાધીશોની સંખ્યા વધારવા માટે કયા એક્ટમાં સુધારો કરવામાં આવશે ?
(A) સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) અધિનિયમ, 1950
(B) સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) અધિનિયમ, 1952
(C) સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) અધિનિયમ, 1954
(D) સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) અધિનિયમ, 1956
(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**8.** સુપ્રીમ કોર્ટના વર્તમાન (4 ઓગસ્ટ, 2019ની સ્થિતિએ) મહિલા જજમાં નીચેનામાંથી કયા જજનો સમાવેશ થતો નથી ?

(A) જસ્ટિસ આર. બાનુમથી (R. Banumathi)  (B) જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા

(C) જસ્ટિસ ઈન્દિરા બેનર્જી  (D) જસ્ટિસ ઈન્દુમતી શર્મા  **(D)**

**9.** વકીલમાંથી સીધા જ સુપ્રીમ કોર્ટના જજ બનનાર ભારતના પ્રથમ મહિલા જજનું નામ શું છે ?

(A) જસ્ટિસ ઈન્દિરા બેનર્જી  (B) જસ્ટિસ ઈન્દિરા મલ્હોત્રા

(C) જસ્ટિસ ઈન્દુમતી શર્મા  (D) જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા  **(D)**

**10.** ભારતની સુપ્રીમ કોર્ટમાં શરૂઆતમાં મુખ્ય ન્યાયાધીશ સહિત કુલ કેટલા ન્યાયાધીશ હતા ?

(A) 8  (B) 10  (C) 12  (D) 14  **(A)**

**11.** ભારતમાં સુપ્રીમ કોર્ટની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?

(A) 1950  (B) 1952  (C) 1954  (D) 1956  **(A)**

**12.** ભારતની વર્તમાન સુપ્રીમ કોર્ટ કઈ સંસ્થાની અનુગામી સંસ્થા છે ?

(A) દિલ્હી કોર્ટ  (B) બોમ્બે કોર્ટ  (C) ફેડરલ કોર્ટ  (D) સેન્ટ્રલ કોર્ટ  **(C)**

**13.** સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાતના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(B) તેઓ 5 વર્ષથી હાઈકોર્ટના (વડી અદાલતના) ન્યાયાધીશ હોવા જોઈએ.

અથવા

તેઓ 10 વર્ષથી હાઈકોર્ટના વકીલ હોવા જોઈએ.

અથવા

રાષ્ટ્રપતિના મતાનુસાર તેઓ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી હોવા જોઈએ.

(C) તેમની ઉંમર ઓછામાં ઓછી 25 વર્ષ હોવી જોઈએ.

(D) ઉપરોક્ત ત્રણેય સત્ય છે.  **(C)**

**14.** સુપ્રીમ કોર્ટનો મુદ્રાલેખ અથવા તો ધ્યેય વાકય શું છે ?

(A) સત્યમેવ જયતે  (B) ધર્મમ્ જયતે  (C) સત્યમ્ વિજયમ્  (D) યતો ધર્મસ્તતો જયઃ  **(D)**

**15.** ભારતમાં સૌપ્રથમ અદાલતની સ્થાપના કયારે થઈ હતી ?

(A) 1841  (B) 1851  (C) 1855  (D) 1861  **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

16. ભારતમાં ઈ.સ. 1861માં સૌપ્રથમ ત્રણ અદાલતની સ્થાપના કરવામાં આવી હતી...આ ત્રણ સ્થળોમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થતો નથી ?
(A) કોલકાતા (B) મુંબઈ (C) મદ્રાસ (D) દિલ્હી **(D)**

17. ભારતીય બંધારણના કયા ભાગમાં સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) ભાગ-3 (B) ભાગ-4 (C) ભાગ-5 (D) ભાગ-6 **(C)**

18. ભારતીય બંધારણના ભાગ-5માં કયા અનુચ્છેદ અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) અનુચ્છેદ 124થી 134 (B) અનુચ્છેદ 124 થી 138
(C) અનુચ્છેદ 124થી 141 (D) અનુચ્છેદ 124 થી 147 **(D)**

19. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી છે ?
(A) અનુચ્છેદ 124 (B) અનુચ્છેદ 125 (C) અનુચ્છેદ 126 (D) અનુચ્છેદ 127 **(A)**

ગુજરાત સરકારની આવનારી બિનસચિવાલય કલાર્ક, સિનિયર કલાર્ક, તલાટી, જુનિયર કલાર્ક, PSI/ASI/CONSTABLE, આસિસ્ટન્ટ સહાયક આદિજાતિ વિકાસ કમિશનર, રેલવે, Dy.SO./Dy.MAM., સર્વેયર, ડેપોમેનેજર વગેરે તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી

કરંટ અફેર્સની ઓછા સમયમાં શ્રેષ્ઠ તૈયારી માટે અત્યંત ઉપયોગી
વર્તમાન પ્રવાહો વિશેની ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી માહિતી
અનુચ્છેદ 370, ચંદ્રયાન-2, ભારત સરકારનું નવું મંત્રી મંડળ, ગુજરાત તથા ભારત સરકારના વર્ષ 2019-20ના નવા બજેટ વિશે વિશેષ માહિતી
ગુજરાત, ભારત તથા વિશ્વની મહત્ત્વની ઘટનાઓનો સમાવેશ

બિનસચિવાલય કલાર્ક સહિતની ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી

કરન્ટ અફેર્સ
JAN TO AUG 2019

AVAILABLE NOW

કરન્ટ અફેર્સના 1500+ પ્રશ્ન જવાબો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

Available at amazon




વધુ માહિતી માટે CALL 93753-01110

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## 05 AUGUST, 2019 MONDAY

### ➤ ભારતના ચાર રાજ્યોમાં 'One Nation One Ration Card' યોજના પાઈલોટ પ્રોજેક્ટ તરીકે લોન્ચ

ભારતમાં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે તાજેતરમાં ભારતના ચાર રાજ્યોમાં 'એક દેશ એક રેશન કાર્ડ યોજના' પાઈલોટ પ્રોજેક્ટ તરીકે લોન્ચ કરવામાં આવી છે.




- આ ચાર રાજ્યોમાં –
  (1) ગુજરાત
  (2) મહારાષ્ટ્ર
  (3) આંધ્રપ્રદેશ અને
  (4) તેલંગાણાનો સમાવેશ થાય છે.
- આ ચાર રાજ્યોમાં પાઈલોટ પ્રોજેક્ટ તરીકે આ યોજના 1 ઓગસ્ટ, 2019થી લાગુ કરવામાં આવી છે.

#### વન નેશન, વન રેશન કાર્ડ યોજનાની વિશેષતા

- 30 જૂન, 2020 સુધીમાં સમગ્ર દેશમાં આ યોજના લાગુ કરવાની સરકારની યોજના છે.
- સમગ્ર દેશમાં આ યોજના લાગુ થયા બાદ લાભાર્થી વ્યક્તિ દેશના કોઈ પણ ભાગમાં કોઈ પણ સસ્તા અનાજ વિતરણની દુકાનેથી અનાજ મેળવી શકશે.
- હાલ ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને તેલંગાણાના નાગરિકો તેમના રાજ્યમાં કોઈપણ સસ્તા અનાજ વિતરણની દુકાનેથી અનાજ મેળવી શકશે.
- આ ઉપરાંત ગુજરાતના નાગરિકો મહારાષ્ટ્રમાં કોઈપણ સ્થળેથી અને મહારાષ્ટ્રના રેશનકાર્ડ ધરાવતા નાગરિકો ગુજરાતમાં કોઈપણ સ્થળેથી અનાજ મેળવી શકશે.
- એ જ રીતે આંધ્રપ્રદેશ અને તેલંગાણાના નાગરિકો પણ એકબીજાના રાજ્યમાંથી સસ્તું અનાજ ખરીદી શકશે.

### ➤ યૌન અપરાધથી બાળકોના સંરક્ષણ માટે 'Protection of Children from Sexual Offences (Amendment) Bill 2019' રાજ્યસભા બાદ લોકસભામાં પણ પસાર

તાજેતરમાં યૌન અપરાધથી બાળકોનું રક્ષણ કરવા માટે મહત્ત્વનું 'યૌન અપરાધથી બાળકોનું રક્ષણ (સુધારા) બિલ, 2019' ભારતની લોકસભામાં પસાર કરવામાં આવ્યું છે.

- આ અગાઉ રાજ્યસભામાં પણ આ બિલ પસાર થઈ ગયું છે.
- આ નવા બિલ દ્વારા પોક્સો એક્ટ, 2012માં સુધારો કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નવા બિલની મહત્ત્વની જોગવાઈ




1. **પેનેટ્રેટિવ જાતીય હુમલા**ના કિસ્સામાં **સાત વર્ષથી આજીવન કેદ** સુધીની સજાની જોગવાઈ.
2. જો કોઈ વ્યક્તિ **16 વર્ષથી ઓછી** ઉંમરના બાળક પર પેનેટ્રેટિવ જાતીય હુમલો કરે તો **20 વર્ષથી આજીવન કેદ** સુધીની સજાની જોગવાઈ.
3. બાળકો સંબંધિત પોર્ન સામગ્રી રાખવાના કિસ્સામાં **ત્રણથી પાંચ વર્ષ**ની સજા તથા દંડની જોગવાઈ.
4. આ ઉપરાંત બાળકોને સમય પહેલાં વયસ્ક બનાવવા માટે હોર્મોન અથવા કોઈ અન્ય રાસાયણિક ખવડાવવા માટે પણ કડક સજા કરવામાં આવશે.

**નોંધ :** આ અગાઉ કેન્દ્રીય કેબિનેટ દ્વારા ભારતમાં **12 વર્ષથી ઓછી** ઉંમરની બાળકીઓ સાથે દુષ્કર્મ અને હત્યા જેવા ગંભીર ગુનામાં **મોતની સજા**ની જોગવાઈ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

## POCSO Act, 2012 શું છે ?

બાળકોને જાતીય શોષણથી રક્ષણ આપવા માટે ભારતમાં આ એક્ટ ઘડવામાં આવ્યો હતો.

- **POCSO Act, 2012**નું પૂરું નામ **'Protection of Children from Sexual Offences Act, 2012'** છે.

## ➤ અમેરિકા રશિયા સાથેની પરમાણુ હથિયાર સંધિ INFમાંથી બહાર

અમેરિકા તાજેતરમાં **રશિયા** સાથેની **પરમાણુ હથિયાર** અંગેની **'ઇન્ટરમીડિએટ રેન્જ ન્યૂક્લિયર ફોર્સિઝ ટ્રીટી (INF)'** માંથી બહાર નીકળી ગયું છે.

- અમેરિકાના તત્કાલિન રાષ્ટ્રપતિ **શ્રી રોનાલ્ડ રેગન** અને રશિયાના તત્કાલિન રાષ્ટ્રપતિ **શ્રી મિખાઈલ ગોર્બોચોવ** વચ્ચે **1987**માં આ સંધિ થઈ હતી.
- આ અંતર્ગત બંને દેશો વચ્ચે એ બાબતે સહમતી સધાઈ હતી કે, બંને દેશો **500થી 5500 કિ.મી. રેન્જની પરમાણુ હથિયારોનું વહન કરી શકે તેવી ક્રૂઝ અને બેલેસ્ટિક મિસાઈલોનું ઉત્પાદન, તૈનાતી અને પરીક્ષણ નહીં કરે.**
- પરંતુ રશિયાએ આ સંધિનો ભંગ કરીને મિસાઈલ સિસ્ટમ વિકસાવી હોવાનો રશિયા પર આરોપ મૂકીને અમેરિકાએ તાજેતરમાં આ સંધિ તોડવાની જાહેરાત કરી છે.

**નોંધ :** અમેરિકા દ્વારા રશિયા સાથેની આ સંધિ તોડવાથી વિશ્વમાં પરમાણુ શસ્ત્રોની નવેસરથી હોડ (સ્પર્ધા) જામવાની શક્યતા છે.

## ➤ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદને ગુએનાનું સર્વોચ્ચ સન્માન 'The National Order of Merit' એનાયત

તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદ**ને **ગુએના**ના સર્વોચ્ચ નાગરિક સન્માન **'નેશનલ ઓર્ડર ઓફ મેરિટ'**થી સન્માનિત કરવામાં આવ્યા છે.

- ભારત અને ગુએના વચ્ચેના સંબંધોને વધારવા માટે તેમને ગુએનાના રાષ્ટ્રપતિ **શ્રી અલ્ફા કાન્ડે**ના હસ્તે આ એવોર્ડ એનાયત થયો છે.


## ગુએના (Guinea)



ગુએનાને **'ફ્રેન્ચ ગુએના'** તથા **'રિપબ્લિક ઓફ ગુએના'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તે 2 ઓક્ટોબર, 1958ના રોજ **ફ્રાન્સ** પાસેથી સ્વતંત્ર થયું હતું.
- તેની રાજધાની **કોનાક્રી** છે.
- તેની ઓફિશિયલ લેન્ગ્વેજ **ફ્રેન્ચ** છે.
- તેનું ચલણ **ગુએનીયન ફ્રાન્ક (Guinean Franc)** છે.

## ➤ ગુજરાતના જાણીતા લેખક, પત્રકાર અને કટારલેખક શ્રી કાન્તિ ભટ્ટનું નિધન



ગુજરાતના પ્રસિદ્ધ લેખક, પત્રકાર અને કટારલેખક **શ્રી કાન્તિ ભટ્ટનું** 4 ઓગસ્ટ, 2019ના રોજ **મુંબઈ** ખાતે 88 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ ગુજરાતમાં **ભાવનગર** જિલ્લાના **સાંચરા** ગામમાં 15 જુલાઈ, 1931ના રોજ થયો હતો.
- શ્રી કાન્તિ ભટ્ટે **ચિત્રલેખા, મુંબઈ સમાચાર, જનશક્તિ, સંદેશ, યુવાદર્શન, જનસત્તા, દિવ્યભાસ્કર** વગેરે જેવા સમાચાર પત્રોમાં આશરે 45,000થી વધુ કોલમો લખી હતી.
- છેલ્લે તેઓ **દિવ્યભાસ્કર**માં **'ચેતનાની ક્ષણે'** અને **'આસપાસ'** નામની કટારો લખતા હતા.
- તેમણે તેમના પત્ની સાથે મળીને **'અભિયાન'** નામનું ગુજરાતી મેગેઝિન પણ શરૂ કર્યું હતું.
- **'ચેતનાની ક્ષણે'** તેમનું પ્રસિદ્ધ પુસ્તક છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE ? Questions

1. તાજેતરમાં ભારતના કેટલા રાજ્યોમાં પાઈલોટ પ્રોજેક્ટ તરીકે 'વન નેશન વન રેશન કાર્ડ' યોજના શરૂ કરવામાં આવી છે ?

(A) 3 (B) 4 (C) 6 (D) 8 **(B)**

2. તાજેતરમાં ભારતના ચાર રાજ્યોમાં 1 ઓગસ્ટ 2019થી પાઈલોટ પ્રોજેક્ટ તરીકે 'વન નેશન વન રેશન કાર્ડ' યોજના શરૂ કરવામાં આવી છે...આ ચાર રાજ્યોમાં નીચેનામાંથી કયા રાજ્યનો સમાવેશ થાય છે ?

(A) ગુજરાત, મધ્યપ્રદેશ, તમિલનાડુ, તેલંગાણા
(B) ગુજરાત, મહારાષ્ટ્ર, તમિલનાડુ, તેલંગાણા
(C) ગુજરાત, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, તેલંગાણા
(D) ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તેલંગાણા **(D)**

3. તાજેતરમાં સંસદમાં પસાર થયેલા 'પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીઝ (એમેન્ડમેન્ટ) બિલ, 2019' અંતર્ગત કયા એક્ટમાં સુધારો કરવામાં આવશે ?
(A) POCSO Act, 2010 (B) POCSO Act, 2012
(C) POCSO Act, 2013 (D) POCSO Act, 2014 **(B)**

4. POCSOનું પૂરું નામ શું છે ?
(A) Protection of Children from Sexual Offences
(B) Protection for Children from Sexual Offences
(C) Protection to Children from Sexual Offences
(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

5. તાજેતરમાં અમેરિકા કયા દેશ સાથેની INF નામની પરમાણુ હથિયાર સંધિમાંથી બહાર નીકળી ગયું છે ?
(A) ઈરાન (B) સીરિયા (C) અફઘાનિસ્તાન (D) રશિયા **(D)**

6. તાજેતરમાં અમેરિકા રશિયા સાથેની કઈ પરમાણુ હથિયાર સંધિમાંથી બહાર નીકળી ગયું છે ?
(A) ઈન્ટરમીડિએટ રેન્જ ન્યૂક્લિયર ફોર્સિઝ ટ્રીટ્રી (INF)
(B) ઈન્ટરમીડિએટ રશિયન ન્યૂક્લિયર ફોર્સિઝ ટ્રીટ્રી (INF)
(C) ઈન્ટરમીડિએટ રિન્યુ ન્યૂક્લિયર ફોર્સિઝ ટ્રીટ્રી (INF)
(D) ઈન્ટરમીડિએટ રિપબ્લિક ન્યૂક્લિયર ફોર્સિઝ ટ્રીટ્રી (INF) **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. તાજેતરમાં ભારતના કયા મહાનુભાવને ગુએનાના સર્વોચ્ચ નાગરિક સમ્માન 'નેશનલ ઓર્ડર ઓફ મેરિટ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી અમિત શાહ
(C) શ્રી રામનાથ કોવિંદ (D) શ્રી એમ. વેંકૈયા નાયડુ **(C)**

8. તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદને કયા દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'નેશનલ ઓર્ડર ઓફ મેરિટ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) ફ્રાન્સ (B) રશિયા (C) પાપુઆ ન્યુ ગિની (D) ગુએના **(D)**

9. તાજેતરમાં ગુજરાતના પ્રસિદ્ધ કટાર લેખક શ્રી કાન્તિ ભટ્ટનું નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?
(A) સાંચરા, જૂનાગઢ (B) સાંચરા, જામનગર
(C) સાંચરા, ભાવનગર (D) સાંચરા, વડોદરા **(C)**

10. 'ચેતનાની ક્ષણે' નામના પુસ્તક અથવા તો એ નામની કટારના લેખકનું નામ શું છે ?
(A) શ્રી કાન્તિ ભટ્ટ (B) શ્રી ગુણવંત શાહ
(C) શ્રી રમેશ ઓઝા (D) શ્રી અંકિત જાની **(A)**

11. શ્રી કાન્તિ ભટ્ટે કયા ગુજરાતી મેગેઝિનનો પ્રારંભ કર્યો હતો ?
(A) અભિયાન (B) ચિત્રલેખા (C) જ્ઞાનદિપ (D) નવયુગ **(A)**

**06 AUGUST, 2019 TUESDAY**

## ➤ ગુજરાતમાં સ્ટેમ્પના દરોમાં 300 ટકા સુધીનો વધારો

ગુજરાતમાં 5 ઓગસ્ટ, 2019થી સ્ટેમ્પના નવા દરો અમલમાં આવ્યા છે.

- પ્રિન્ટિંગ અને કાગળના ભાવમાં વધારો થતા ગુજરાત સરકારે ગત વિધાનસભા સત્રમાં આ માટેનું વિધેયક પસાર કર્યું હતું.
- આ અંતર્ગત ગુજરાતમાં વિવિધ સ્ટેમ્પના નવા દર હવે આ પ્રમાણે રહેશે :

**ગુજરાતમાં સ્ટેમ્પના દર**

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | અગાઉ (રૂપિયામાં) | હવે (રૂપિયામાં) |
|---|---|---|---|
| 1 | વહીવટી ખત | 100 | 300 |
| 2 | દત્તકપત્ર | 200 | 200 |
| 3 | સોગંદનામુ | 20 | 50 |
| 4 | કબુલાત–અન્યથા જોગવાઈ ન કરી હોય તો | 100 | 300 |
| 5 | સત્તા વાપરીને કરાયેલી નિમણૂક વિલ ન હોય એવા કોઈ લેખથી કરી હોય | 100 | 300 |
| 6 | આકારણી અથવા મૂલ્યાંકન | 100 | 300 |
| 7 | એપ્રેન્ટીસશીપ લેખ | 100 | 300 |
| 8 | લગ્ન નોંધણી | 100 | 200 |
| 9 | ગીરો મૂકેલી મિલકતનું ફેરમાલિકી ફેર ખત | 100 | 300 |
| 10 | છૂટાછેડા | 100 | 300 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ DRDO દ્વારા QRSAM મિસાઈલનું સફળ પરીક્ષણ


તાજેતરમાં DRDO દ્વારા ભારતમાં ઓડિશાના ચાંદીપુર ખાતે આવેલા ટેસ્ટ રેન્જમાંથી QRSAM મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

**QRSAM મિસાઈલ**

QRSAM મિસાઈલનું પૂરું નામ 'Quick Reaction Surface-to-Air Missile' છે.

- ભારતમાં DRDO દ્વારા ભારતની સેના માટે આ મિસાઈલ વિકસાવવામાં આવી છે.
- આ મિસાઈલની મુખ્ય વિશેષતા એ છે કે આ મિસાઈલથી દુશ્મન ટાર્ગેટને ખૂબ જ ઓછા સમયમાં ટ્રેક કરી શકાય છે.
- આ મિસાઈલને ટ્રક પર પણ ગોઠવી શકાય છે.
- તેની રેન્જ 25થી 30 કિલોમીટર સુધીની છે.
- આ મિસાઈલ વિવિધ રેન્જ અને ઊંચાઈ પર પોતાના લક્ષ્યનો નાશ કરી શકે છે.
- આ મિસાઈલમાં નક્કર બળતણનો ઉપયોગ થાય છે.
- આ મિસાઈલનું પ્રથમ પરીક્ષણ 4 જુલાઈ, 2017ના રોજ થયું હતું.






## ICE Questions

1. ગુજરાતમાં સોગંદનામાના સ્ટેમ્પના દર રૂ. 20થી વધારીને તાજેતરમાં કેટલા કરવામાં આવ્યા છે ?
   (A) 40 (B) 50 (C) 60 (D) 100 — **(B)**

2. ગુજરાતમાં લગ્નનોંધણીના સ્ટેમ્પના દર રૂ. 100થી વધારીને કેટલા કરવામાં આવ્યા છે ?
   (A) 150 (B) 200 (C) 250 (D) 300 — **(B)**

3. તાજેતરમાં DRDO દ્વારા QRSAM મિસાઈલનું ક્યાંથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?
   (A) શ્રી હરિકોટા (B) પોખરણ (C) ચાંદીપુર (D) વિશાખાપટ્ટનમ — **(C)**

4. QRSAM મિસાઈલનું પૂરું નામ શું છે ?
   (A) Quick Reaction Surface-to-Air Missile
   (B) Quit Reaction Surface-to-Air Missile
   (C) Quikr Reaction Surface-to-Air Missile
   (D) Quantum Reaction Surface-to-Air Missile — **(A)**

5. QRSAM મિસાઈલની રેન્જ કેટલા કિમી સુધીની છે ?
   (A) 300થી 400 (B) 100થી 200 (C) 50થી 100 (D) 25થી 30 — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 07 AUGUST, 2019 WEDNESDAY

## ➤ દિવસ મહિમા : 7 ઓગસ્ટ, રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ

## ➤ ભારતના પૂર્વ વિદેશ મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા શ્રીમતી સુષ્મા સ્વરાજનું નિધન



ભારતના પૂર્વ વિદેશ મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા **શ્રીમતી સુષ્મા સ્વરાજનું** 7 ઓગસ્ટ, 2019ના રોજ **નવી દિલ્હી** ખાતે 67 વર્ષની વયે **હાર્ટએટેક**ને કારણે નિધન થયું છે.

- 14 ફેબ્રુઆરી, 1952ના રોજ વર્તમાન **હરિયાણા** રાજ્યના **અંબાલા કેન્ટોનમેન્ટ**માં તેમનો જન્મ થયો હતો.
- **શ્રીમતી ઈન્દિરા ગાંધી** બાદ તેઓ ભારતના **બીજા મહિલા વિદેશમંત્રી** હતા. જોકે શ્રીમતી ઈન્દિરા ગાંધી ભારતમાં બે વખત કાર્યકારી વિદેશ મંત્રી હતા એવું કહેવાય છે. એ દષ્ટિએ શ્રીમતી સુષ્મા સ્વરાજ **પૂર્ણ સમયના ભારતના પ્રથમ મહિલા વિદેશ મંત્રી** હતા.
- આ ઉપરાંત તેઓ **દિલ્હીના પ્રથમ મહિલા મુખ્યમંત્રી** પણ હતા.
- આ અંતગત **દિલ્હીના પાંચમા મુખ્યમંત્રી** તરીકે 12 ઓક્ટોબર, 1998થી 3 ડિસેમ્બર, 1998 દરમિયાન તેઓ 52 દિવસ માટે પદ પર રહ્યા હતા.
- 1977માં **25 વર્ષ**ની વયે તેઓ **હરિયાણા** રાજ્યના **સૌથી યુવા કેબિનેટ મંત્રી** બન્યા હતા.
- તેઓ **સંસદ સભ્ય** તરીકે **7 વખત** અને **ધારાસભ્ય** તરીકે **3 વખત** ચૂંટાયા હતા.
- છેલ્લે વર્ષ 2014માં **મધ્યપ્રદેશ**ની **વિદિશા** લોકસભા બેઠક પરથી 4 લાખ કરતા વધુ વોટથી તેઓ ચૂંટાઈ આવ્યા હતા.
- ત્યારબાદ **2014થી 2019** દરમિયાન તેઓ ભારતના **વિદેશમંત્રી** રહ્યા હતા.
- આ ઉપરાંત તેમણે કેન્દ્ર સરકારમાં **સંસદીય બાબતોના મંત્રી**, **વિદેશમાં ભારતીય બાબતોના મંત્રી**, **આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રી** તથા **માહિતી અને પ્રસારણ મંત્રી** તરીકે પણ સેવા આપી હતી.
- વર્ષ **2009થી 2014** દરમિયાન તેઓ **લોકસભામાં વિરોધ પક્ષના નેતા** પણ રહ્યા હતા.

**નોંધ :** (1) શ્રીમતી સુષ્મા સ્વરાજ **સુપ્રીમ કોર્ટમાં વકીલ** હતા.

(2) અમેરિકાના પ્રસિદ્ધ ન્યુઝ પેપર Wall Street Journalએ શ્રીમતી સુષ્મા સ્વરાજને **'best-love Politician'** કહ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ QS Best Student Cities Ranking 2019




શિક્ષણ ક્ષેત્રની વિશ્વ પ્રસિદ્ધ રેન્કિંગ એજન્સી QS (Quacquarelli Symonds) દ્વારા તાજેતરમાં Best Student Cities Ranking 2019 પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

- આ રેન્કિંગ અનુસાર સમગ્ર વિશ્વમાં સ્ટુડન્ટ માટે સૌથી બેસ્ટ સિટી લંડન છે.
- આ રેન્કિંગમાં બ્રિટનનું લંડન સતત બીજી વખત પ્રથમ ક્રમે છે.
- જ્યારે લંડન બાદ ટોક્યો (જાપાન) બીજા અને મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) ત્રીજા ક્રમે છે.
- આ રેન્કિંગ અનુસાર ભારતમાં સ્ટુડન્ટ માટે સૌથી શ્રેષ્ઠ શહેર બેંગાલુરુ છે.
- આ રેન્કિંગમાં ભારતના શહેરોમાં બેંગાલુરુ પ્રથમ ક્રમે છે.
- જોકે, ઓવરઓલ રેન્કિંગમાં બેંગાલુરુ 81મા, મુંબઈ 85મા, દિલ્હી 113મા અને ચેન્નાઈ 115મા ક્રમે છે.
- આ રેન્કિંગમાં વિશ્વના 120 શહેરોમાં ભારતના કુલ 4 શહેરોનો સમાવેશ થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**QS Best Student Cities Ranking 2019**

| ક્રમ | શહેર | દેશ |
|---|---|---|
| 1 | લંડન | ઈંગ્લેન્ડ |
| 2 | ટોક્યો | જાપાન |
| 3 | મેલબોર્ન | ઓસ્ટ્રેલિયા |
| 81 | બેંગાલુરુ | ભારત |
| 85 | મુંબઈ | ભારત |
| 113 | દિલ્હી | ભારત |
| 115 | ચેન્નાઈ | ભારત |
| 120 | મિન્સ્ક | બેલારુસ |

## ICE ? Questions

1. ‘રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 5 ઓગસ્ટ (B) 6 ઓગસ્ટ (C) 7 ઓગસ્ટ (D) 8 ઓગસ્ટ — **(C)**

2. તાજેતરમાં ભારતના પૂર્વ વિદેશમંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજનું નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?
   (A) અંબાલા કેન્ટોનમેન્ટ, મહારાષ્ટ્ર (B) અંબાલા કેન્ટોનમેન્ટ, મધ્યપ્રદેશ
   (C) અંબાલા કેન્ટોનમેન્ટ, હિમાચલ પ્રદેશ (D) અંબાલા કેન્ટોનમેન્ટ, હરિયાણા — **(D)**

3. શ્રીમતી સુષ્મા સ્વરાજના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તેઓ દિલ્હીના પ્રથમ મહિલા મુખ્યમંત્રી હતા.
   2. શ્રીમતી ઈન્દિરા ગાંધી બાદ તેઓ ભારતના બીજા મહિલા ગૃહ મંત્રી હતા.
   (A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) એકપણ નહિ — **(B)**

4. તાજેતરમાં જાહેર થયેલા QS બેસ્ટ સ્ટુડન્ટ સિટીઝ રેન્કિંગ 2019માં પ્રથમ ક્રમે વિશ્વનું કયું શહેર છે ?

(A) લંડન (B) ટોક્યો (C) મેલબોર્ન (D) મિન્સ્ક

**(A)**

5. તાજેતરમાં જાહેર થયેલા QS બેસ્ટ સ્ટુડન્ટ સિટીઝ રેન્કિંગ 2019માં ભારતના શહેરોમાં પ્રથમ ક્રમે કયું શહેર છે ?

(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) ચેન્નાઈ (D) બેંગાલુરૂ

**(D)**

6. તાજેતરમાં જાહેર થયેલા QS બેસ્ટ સ્ટુડન્ટ સિટીઝ રેન્કિંગ 2019માં બેંગાલુરૂ કયા ક્રમે છે ?

(A) 21 (B) 41 (C) 61 (D) 81

**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

આર્થિક સમૃદ્ધિ, સામાજિક પ્રતિષ્ઠા સલામત નોકરીની સંયુક્ત કારકિર્દી એટલે જ ગુજરાત સરકાર

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

સ્પેશિયલ બેચ

નવી બેચ શરૂ

સવારે 8 થી 10

32+ Weekly Test

2012 - 18
1237+
સફળ ઉમેદવાર

10 Mega Test Paper
MEGA TEST SERIES ON OMR SHEET

રીડિંગ રૂમની વ્યવસ્થા

127/ Ratna Business Square, Old Natraj Cinema, Opp H.K College, Ashram Road

અમદાવાદ

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

CALL : 8469501110 / 8469601110

**08 AUGUST, 2019 THURSDAY**

## ➤ દિવસ મહિમા : 8 ઓગસ્ટ, આંતરરાષ્ટ્રીય બિલાડી દિવસ

## ➤ નાણાકીય વર્ષ 2019-20ની RBI Monetary Policyની ત્રીજી સમીક્ષા બેઠકમાં લેવાયેલા કેટલાક અગત્યના નિર્ણયો

તાજેતરમાં ઓગસ્ટ, 2019 દરમિયાન RBIના ગવર્નર શ્રી શક્તિકાંત દાસાની અધ્યક્ષતામાં મુંબઈ ખાતે RBI Monetary Policyની નાણાકીય વર્ષ 2019-20ની ત્રીજી દ્વિમાસિક સમીક્ષા બેઠકનું આયોજન થયું હતું.

- આ બેઠકમાં લેવાયેલા કેટલાક મહત્ત્વના નિર્ણયો તથા અન્ય વિશેષતા આ પ્રમાણે છે :
  (1) Repo Rate 0.35 ટકા ઘટાડીને 5.75 ટકાથી 5.40 ટકા કરવામાં આવ્યો છે. આથી, રેપો રેટ છેલ્લા 9 વર્ષની સૌથી નીચી સપાટી પર આવી ગયો છે.
  (2) Reverse Repo Rate પણ 0.35 ટકા ઘટાડીને 5.50 ટકાથી 5.15 ટકા કરવામાં આવ્યો છે.
  (3) નાણાકીય વર્ષ 2019-20માં ભારતના GDP વૃદ્ધિ દર અંગેનો અગાઉનો 7 ટકાનો અંદાજ ઘટાડીને હવે 6.9 ટકા કરવામાં આવ્યો છે.

**રેટમાં ફેરફાર**

| ક્રમ | ઈન્ડીકેટર્સ | રેટ અગાઉ | રેટ હવે |
|---|---|---|---|
| 1 | રેપો રેટ | 5.75 ટકા | 5.40 ટકા |
| 2 | રિવર્સ રેપો રેટ | 5.50 ટકા | 5.15 ટકા |
| 3 | CRR | 4.00 ટકા | 4.00 ટકા |
| 4 | SLR Rate | 18.75 ટકા | 18.75 ટકા |
| 5 | MSF Rate | 6.00 ટકા | 5.65 ટકા |
| 6 | ફૂગાવો | 2.86 ટકા | 2.86 ટકા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) રિઝર્વ બેંક જે દરે અન્ય બેંકોને ધિરાણ કરે છે તે દરને રેપો રેટ કહેવામાં આવે છે.
(2) જ્યારે રિઝર્વ બેંક અન્ય બેંકો પાસેથી જે દરે ધિરાણ લે છે તે દરને રિવર્સ રેપો રેટ કહેવામાં આવે છે.
(3) CRRનું પૂરું નામ Cash Reserve Ratio છે.
(4) SLRનું પૂરું નામ Statutory Liquidity Ratio છે.
(5) MSFનું પૂરું નામ Marginal Standing Facility છે.

### Monetary Policy

મોનેટરી પોલિસી એ એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા દેશમાં ભાવની સ્થિરતા જાળવવા અને ઉચ્ચ આર્થિક વૃદ્ધિ હાંસલ કરવા માટે વ્યાજ દરના નિયંત્રણ દ્વારા અર્થતંત્રમાં નાણાંના પુરવઠાને નિયંત્રિત કરવામાં આવે છે.

- ભારતમાં Monetary Policyની સમીક્ષા માટે **'મોનેટરી પોલિસી કમિટી'**ની રચના કરવામાં આવી છે.
- મોનેટરી પોલિસી કમિટીમાં કુલ **6 સભ્યો** છે.
- મોનેટરી પોલિસી કમિટીના છ સભ્યોમાં RBIના ત્રણ સભ્યો હોય છે. જ્યારે અન્ય ત્રણ સભ્યોની કેન્દ્ર સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવે છે.
- RBIના ગવર્નર આ કમિટીના અધ્યક્ષ હોય છે.

## ➤ સૌથી વધુ કમાણી કરતી મહિલા ખેલાડીઓની ફોર્બ્સની યાદીમાં સુશ્રી પી.વી. સિન્ધુ 13મા ક્રમે

તાજેતરમાં વિશ્વના પ્રસિદ્ધ મેગેઝિન ફોર્બ્સ દ્વારા વિશ્વમાં સૌથી વધુ કમાણી કરતી મહિલા ખેલાડીઓની યાદી જાહેર કરવામાં આવી છે.



- વિશ્વમાં સૌથી વધુ કમાણી કરતી ટોપ 15 મહિલા ખેલાડીઓની આ યાદીમાં ભારતના એક માત્ર મહિલા ખેલાડી સુશ્રી પી.વી. સિંધુનો સમાવેશ થયો છે.
- આ યાદીમાં ભારતના પ્રસિદ્ધ બેડમિન્ટન ખેલાડી સુશ્રી પી.વી. સિંધુ 13મા ક્રમે છે.
- જ્યારે અમેરિકાના પ્રસિદ્ધ ટેનિસ ખેલાડી સુશ્રી સેરેના વિલિયમ્સ આ યાદીમાં પ્રથમ ક્રમે છે.

### સૌથી વધુ કમાણી કરતી મહિલા ખેલાડીઓ

| ક્રમ | નામ | રમત | આવક રૂપિયામાં |
|---|---|---|---|
| 1 | સુશ્રી સેરેના વિલિયમ્સ | ટેનિસ | 208 કરોડ |
| 2 | સુશ્રી નાઓમી ઓસાકા | ટેનિસ | 173 કરોડ |
| 3 | સુશ્રી એન્જલિક કાર્બર | ટેનિસ | 084 કરોડ |
| 13 | સુશ્રી પી.વી. સિંધુ | બેડમિન્ટન | 39.13 કરોડ |
| 15 | સુશ્રી એ. જ્યુટાનુગર્ન | ગોલ્ફ | 37.71 કરોડ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય બિલાડી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

   (A) 6 ઓગસ્ટ (B) 7 ઓગસ્ટ (C) 8 ઓગસ્ટ (D) 9 ઓગસ્ટ **(C)**

2. ઓગસ્ટ, 2019 દરમિયાન મળેલી RBIની મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં રેપો રેટ અને રિવર્સ રેપો રેટ અંગે શું નિર્ણય લેવાયો છે ?

   (A) તેમાં 0.35 ટકાનો વધારો કરવામાં આવ્યો છે.
   (B) તેમાં 0.35 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે.
   (C) તેમાં 0.50 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે.
   (D) તેમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. **(B)**

3. ભારતમાં વર્તમાન સમયે (8 ઓગસ્ટ, 2019ની સ્થિતિએ) રેપો રેટ કેટલા ટકા છે ?

   (A) 5.25 (B) 5.30 (C) 5.40 (D) 6.00 **(C)**

4. ભારતમાં વર્તમાન સમયે (8 ઓગસ્ટ, 2019ની સ્થિતિએ) રિવર્સ રેપો રેટ કેટલા ટકા છે ?

(A) 5.15 (B) 5.50 (C) 5.75 (D) 6.00 **(A)**

5. ભારતમાં વર્તમાન સમયે (8 ઓગસ્ટ, 2019ની સ્થિતિએ) CRRનો દર કેટલા ટકા છે ?

(A) 2.98 (B) 3.98 (C) 4.00 (D) 4.25 **(C)**

6. તાજેતરમાં ફોર્બ્સ દ્વારા જાહેર કરાયેલી વિશ્વની સૌથી વધુ કમાણી કરતી ટોપ 15 મહિલા ખેલાડીઓની યાદીમાં ભારતના એક માત્ર કયા મહિલા ખેલાડીનો સમાવેશ થયો છે ?

(A) સુશ્રી હરમનપ્રીત કોર (B) સુશ્રી હિમા દાસ

(C) સુશ્રી મિતાલી રાજ (D) સુશ્રી પી.વી. સિંધુ **(D)**

## 09 AUGUST, 2019 FRIDAY

### ➤ દિવસ મહિમા : 9 ઓગસ્ટ, વિશ્વ આદિવાસી દિવસ



આદિવાસી લોકોના હકોના સંરક્ષણ અને તેને વાચા આપવા માટે સમગ્ર વિશ્વમાં 9 ઓગસ્ટને 'વિશ્વ આદિવાસી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- 23 ડિસેમ્બર, 1994ના રોજ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીમાં 9 ઓગસ્ટને 'વિશ્વ આદિવાસી દિન' તરીકે ઉજવવાનું નક્કી થયું હતું.
- આ અગાઉ 1990માં યુનાઈટેડ નેશન્સની મહાસભા દ્વારા 1993ના વર્ષને 'આંતરરાષ્ટ્રીય આદિવાસી વર્ષ' જાહેર કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા (1) વર્ષ 1995 થી 2004 અને (2) વર્ષ 2005 થી 2014 દરમિયાન આદિવાસી લોકો માટેના બે દશકાઓ જાહેર કરવામાં આવ્યા હતા.
- અને હવે તાજેતરમાં યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીએ વર્ષ 2019ને આંતરરાષ્ટ્રીય આદિવાસી ભાષા વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે.

#### વિશ્વ આદિવાસી દિવસ 2019ની થીમ

- યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2019ની વિશ્વ આદિવાસી દિવસની થીમ : 'Indigenous Languages' છે.

#### ગુજરાતમાં વિશ્વ આદિવાસી દિવસની રાજ્યકક્ષાની ઉજવણી

- 9 ઓગસ્ટ, 2019ના રોજ ગુજરાતમાં 'વિશ્વ આદિવાસી દિવસ'ની રાજ્યકક્ષાની ઉજવણી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિમાં દાહોદ ખાતે કરવામાં આવી હતી.
- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રમતગમતમાં સફળતા પ્રાપ્ત કરનાર આદિવાસી સમાજના કુ. સરિતા ગાયકવાડ સહિતના આઠ ખેલાડીઓનું સન્માન કર્યું હતું.

## ➤ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી સહિત ત્રણ મહાનુભાવોને ભારત રત્ન એનાયત

8 ઓગસ્ટ 2019ના રોજ ભારતમાં નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા એક સમારોહમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ભારતના ત્રણ મહાનુભાવોને ભારત રત્ન પુરસ્કાર એનાયત કર્યો છે.




- આ અગાઉ 25 જાન્યુઆરી, 2019ના રોજ ભારતના પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે વર્ષ 2019ના ભારત રત્ન એવોર્ડ વિજેતા મહાનુભાવોની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત વર્ષ 2019માં કુલ ત્રણ વ્યક્તિઓને ભારત રત્ન એવોર્ડ એનાયત થયો છે :
  (1) શ્રી પ્રણવ મુખર્જી
  (2) શ્રી નાનાજી દેશમુખ (મરણોપરાંત)
  (3) શ્રી ભૂપેન હજારિકા (મરણોપરાંત)

### શ્રી પ્રણવ મુખર્જી

શ્રી પ્રણવ મુખર્જી ભારતના પ્રસિદ્ધ રાજનેતા છે. પશ્ચિમ બંગાળના મિરાતી નામના એક ગામમાં 11 ડિસેમ્બર, 1935ના રોજ તેમનો જન્મ થયો હતો.

- શ્રી પ્રણવ મુખર્જીએ 2012થી 2017 દરમિયાન ભારતના 13મા રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી છે.
- રાષ્ટ્રપતિ બન્યા એ પહેલા શ્રી પ્રણવ મુખર્જી 2009 થી 2012 દરમિયાન ભારતના નાણામંત્રી હતા.
- આ ઉપરાંત ભારતના સંરક્ષણ મંત્રી, વિદેશમંત્રી, યોજના આયોગના નાયબ અધ્યક્ષ વગેરે જેવા અનેક મહત્ત્વના પદો પર તેમણે સેવા આપી છે.
- શ્રી પ્રણવ મુખર્જીને આ અગાઉ વર્ષ 2008માં પદ્મ વિભૂષણ પુરસ્કાર એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી નાનાજી દેશમુખ

શ્રી નાનાજી દેશમુખ ભારતના પ્રસિદ્ધ સમાજસેવક હતા. તેમનું પૂરું નામ શ્રી ચંડિકાદાસ અમૃતરાવ દેશમુખ છે.

- તેમનો જન્મ 11 ઓક્ટોબર, 1916ના રોજ મહારાષ્ટ્રના હિંગોલી જિલ્લાના કડોલી ગામમાં થયો હતો.
- 27 ફેબ્રુઆરી, 2010ના રોજ 93 વર્ષની વયે તેમનું નિધન થયું હતું.
- શ્રી નાનાજી દેશમુખ અગાઉ 'ભારતીય જનસંઘ'ના નેતા હતા.
- ભારતમાં રાજ્યસભાના સભ્ય તરીકે પણ તેમણે સેવા આપી છે.
- તેમણે 1972માં ગ્રામીણ વિકાસ માટે 'દીનદયાળ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ'ની સ્થાપના કરી હતી.
- ભારતમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને ગ્રામીણ સ્વાવલંબન ક્ષેત્રે શ્રી નાનાજી દેશમુખનું મહત્ત્વનું યોગદાન છે.
- શ્રી નાનાજી દેશમુખને આ અગાઉ 1999માં પદ્મ વિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### શ્રી ભૂપેન હજારિકા

શ્રી ભૂપેન હજારિકા ભારતીય પ્લેબેક સિંગર, ગીતકાર, સંગીતકાર, ગાયક, કવિ અને આસામના ફિલ્મ નિર્માતા હતા.

- તેમને 'Sudhakantha' (સુધાકંઠા) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેમનો જન્મ 8 સપ્ટેમ્બર, 1926ના રોજ આસામના સદિયા ખાતે થયો હતો.
- 5 નવેમ્બર, 2011ના રોજ મહારાષ્ટ્રના મુંબઈ ખાતે 85 વર્ષની વયે તેમનું નિધન થયું હતું.
- મુખ્યત્વે આસામી ભાષામાં લખાયેલા અને ગાયેલા શ્રી ભૂપેન હજારિકાના ગીતોમાં માનવતા અને ભાઈચારાની ભાવના જોવા મળે છે.

- શ્રી ભૂપેન હજારિકાને આ અગાઉ વર્ષ **1977**માં **પદ્મ શ્રી**, **2001**માં **પદ્મ ભૂષણ** અને **2012**માં **પદ્મ વિભૂષણ** પુરસ્કાર એનાયત થયા હતા.
- આ ઉપરાંત તેમને **1992**માં **દાદાસાહેબ ફાળકે** પુરસ્કાર તથા **2008**માં **સંગીત નાટક અકાદમી ફેલોશિપ**થી સન્માનિત કરવામાં આવ્યા હતા.




## ભારત રત્ન

ભારત રત્ન એ **ભારતનો સર્વોચ્ચ નાગરિક સન્માન** પુરસ્કાર છે.

- આ સન્માન **દર વર્ષે વધુમાં વધુ ત્રણ વ્યક્તિઓને** આપી શકાય છે.
- આ સન્માન માટે ભારતના **વડાપ્રધાન** દ્વારા ભારતના **રાષ્ટ્રપતિ**ને ભલામણ કરવામાં આવે છે.
- ભારતના વડાપ્રધાન આ સન્માન માટે **દર વર્ષે વધુમાં વધુ ત્રણ નામો**ની ભલામણ કરી શકે છે.
- વર્ષ **2019** સુધીમાં કુલ **48** વ્યક્તિઓને આ પુરસ્કાર એનાયત થયો છે.

## ભારત રત્ન અંતર્ગત કેટલી રોકડ ધનરાશી આપવામાં આવે છે ?

ભારત રત્ન સાથે કોઈ નાણાકીય પુરસ્કાર જોડાયેલ નથી. આ પુરસ્કાર અંતર્ગત એકપણ રૂપિયાની રોકડ રકમ આપવામાં આવતી નથી.

- પણ ભારત રત્ન મેળવનારી વ્યક્તિને **ભારતના પ્રોટોકોલ લિસ્ટ**માં (1) રાષ્ટ્રપતિ (2) ઉપરાષ્ટ્રપતિ (3) વડાપ્રધાન (4) રાજ્યપાલ (5) પૂર્વ રાષ્ટ્રપતિ તથા નાયબ વડાપ્રધાન (6) સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને લોકસભાના સ્પીકર બાદ **સાતમા ક્રમે** ગણવામાં આવે છે.
- ભારતના પ્રોટોકોલ લિસ્ટમાં **સાતમા ક્રમે** ભારતરત્ન મેળવનાર વ્યક્તિ ઉપરાંત ભારત સરકારના કેબિનેટ મંત્રી, જે તે રાજ્યના મુખ્યમંત્રી, યોજના આયોગના ઉપાધ્યક્ષ, પૂર્વ વડાપ્રધાન તથા રાજ્ય સભા અને લોકસભાના વિરોધ પક્ષના નેતાનો સમાવેશ થાય છે.
- ભારત રત્ન મેળવનાર વ્યક્તિઓને **રાષ્ટ્રપતિના હસ્તાક્ષરવાળું એક પ્રશસ્તિપત્ર** અને **પીપળાનાં પાનના આકારનું સન્માનચિહ્ન** આપવામાં આવે છે.
- આ પુરસ્કાર વડે સન્માનિત વ્યક્તિ પોતાના નામ આગળ કોઈ પદવી લખતા નથી.

## ભારત રત્ન કોને એનાયત થાય છે ?

ભારતમાં રાષ્ટ્રની સેવા બદલ આ પુરસ્કાર એનાયત થાય છે.

- આ સેવાઓમાં કલા, સાહિત્ય, વિજ્ઞાન અથવા સાર્વજનિક ક્ષેત્રે આપેલી સેવાઓનો સમાવેશ થાય છે.
- **શરૂઆત**માં આ સન્માન ફક્ત **કલા, વિજ્ઞાન, સાહિત્ય અને જાહેરસેવા**ના ક્ષેત્રમાં પ્રદાન કરનારી વ્યક્તિઓને જ આપવામાં આવતું હતું.
- પરંતુ **ડિસેમ્બર, 2011**માં થયેલા સુધારા મુજબ હવે આ પુરસ્કાર વિસ્તૃત રીતે **'કોઈપણ ક્ષેત્રમાં માનવસેવાના પ્રયાસ'** બદલ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM ®

## ભારત રત્ન પુરસ્કારનો પ્રારંભ

ભારતમાં **2 જાન્યુઆરી, 1954**ના રોજ ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રાજેન્દ્ર પ્રસાદ** દ્વારા **'ભારત રત્ન'**નો પ્રારંભ થયો હતો.

- ભારતમાં રાષ્ટ્રપતિના જાહેરનામા દ્વારા આ પુરસ્કારનો પ્રારંભ થયો હતો.
- 'ભારત રત્ન' અંગે ભારતના બંધારણમાં કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી.
- **1954**માં **સૌપ્રથમ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન, શ્રી સી. રાજગોપાલાચારી** અને **શ્રી સી. વી. રામન**ને આ પુરસ્કાર એનાયત થયો હતો.
- જ્યારે વર્ષ 2019 અગાઉ છેલ્લે વર્ષ **2015**માં **શ્રી મદન મોહન માલવીય** અને **શ્રી અટલ બિહારી વાજપેયી**ને ભારત રત્ન એનાયત થયો હતો.

## ભારત રત્ન પ્રથમ અને અંતિમ

| વર્ષ | વિજેતા |
|---|---|
| 1954 | ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન, શ્રી સી. રાજગોપાલાચારી અને શ્રી સી. વી. રામન |
| 2015 | શ્રી મદન મોહન માલવીય અને શ્રી અટલ બિહારી વાજપેયી |
| 2019 | શ્રી પ્રણવ મુખર્જી, શ્રી નાનાજી દેશમુખ અને શ્રી ભૂપેન હજારિકા |

## ભારત રત્ન સ્થગિત

અત્યાર સુધીમાં ભારત રત્ન પુરસ્કાર **બે વખત સ્થગિત** કરવામાં આવ્યો છે :

(1) 13 જુલાઈ, 1977થી જાન્યુઆરી 1980 સુધી શ્રી મોરારજીભાઈ દેસાઈ સરકાર દ્વારા અને

(2) 1992 થી 1995 સુધી મધ્યપ્રદેશ અને કેરળ રાજ્યની હાઈકોર્ટમાં આ સન્માનોની બંધારણીય યોગ્યતાને પડકારતી અરજીને કારણે.

## ભારત રત્ન વિજેતા વિદેશી વ્યક્તિઓ

સામાન્ય રીતે આ સન્માન ભારતના નાગરિકને જ આપવામાં આવે છે.

- પરંતુ સૌપ્રથ **1980**માં ભારતની બહાર જન્મેલાં અને પાછળથી ભારતનું નાગરિકત્વ મેળવનાર **મધર ટેરેસા**ને આ પુરસ્કાર એનાયત થયો હતો.
- ત્યારબાદ **પાકિસ્તાન**ના નાગરિક **શ્રી ખાન અબ્દુલ ગફાર ખાન**ને **1987**માં અને **દક્ષિણ આફ્રિકા**ના નાગરિક **શ્રી નેલ્સન મંડેલા**ને **1990**માં આ પુરસ્કાર એનાયત થયો હતો.

## ભારત રત્ન વિજેતા મહિલાઓ

વર્ષ 2019 સુધીમાં કુલ **પાંચ** મહિલાઓને 'ભારત રત્ન' પુરસ્કાર એનાયત થયો છે.

- આ પાંચ મહિલાઓમાં શ્રીમતી ઈન્દિરા ગાંધી, મધર ટેરેસા, શ્રીમતી અરૂણા આસફઅલી, શ્રીમતી એમ. એસ. સુબ્બુલક્ષ્મી અને શ્રીમતી લતા મંગેશકરનો સમાવેશ થાય છે.
- જેમાં **સૌપ્રથમ શ્રીમતી ઈન્દિરા ગાંધી**ને **1971**માં આ પુરસ્કાર એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત રત્ન વિજેતા મહિલાઓ

| ક્રમ | વિજેતા | વર્ષ |
|---|---|---|
| 1 | શ્રીમતી ઈન્દિરા ગાંધી | 1971 |
| 2 | મધર ટેરેસા | 1980 |
| 3 | શ્રીમતી અરૂણા આસફઅલી | 1997 |
| 4 | શ્રીમતી એમ. એસ. સુબ્બુલક્ષ્મી | 1998 |
| 5 | શ્રીમતી લતા મંગેશકર | 2001 |

## ભારત રત્ન વિજેતા ગુજરાતીઓ

વર્ષ 2019 સુધીમાં **શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ** અને **શ્રી મોરારજી રણછોડજી દેસાઈ** એમ ગુજરાતમાં જન્મેલા કુલ **બે ગુજરાતીઓ**ને જ આ પુરસ્કાર એનાયત થયો છે.

- આ બંનેને વર્ષ **1991**માં આ પુરસ્કાર એનાયત થયો હતો.

## ભારત રત્ન વિજેતા ગુજરાતીઓ

| ક્રમ | નામ | વર્ષ |
|---|---|---|
| 1 | શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ | 1991 |
| 2 | શ્રી મોરારજી દેસાઈ | 1991 |

**નોંધ :** ગુજરાતના અમદાવાદ ખાતે સ્થાયી થયેલા **શ્રી ગુલઝારી લાલ નંદાને** 1997માં '**ભારત રત્ન**' એનાયત થયો હતો. પરંતુ તેમનો જન્મ પાકિસ્તાનના **સિયાલકોટ**માં થયો હતો.

## ભારત રત્ન વિજેતા સૌથી નાની તથા મોટી ઉંમરની વ્યક્તિઓ

ભારત રત્ન વિજેતા સૌથી નાની વયના વ્યક્તિ **શ્રી સચિન તેંડુલકર** છે. **શ્રી સચિન તેંડુલકર**ને વર્ષ **2014**માં ફક્ત **40 વર્ષ**ની વયે આ પુરસ્કાર એનાયત થયો હતો.

- જ્યારે ભારત રત્ન વિજેતા સૌથી વડીલ વ્યક્તિ **શ્રી ધોન્ડો કેશવ કર્વે** છે.
- પ્રસિદ્ધ સમાજ સેવક શ્રી ધોન્ડો કેશવ કર્વેને **1958**માં **100 વર્ષ**ની વયે આ પુરસ્કાર એનાયત થયો હતો.

**નોંધ :** (1) વર્ષ 2019 સુધીમાં **કુલ 48** વ્યક્તિઓમાંથી કુલ **14** વ્યક્તિઓને આ પુરસ્કાર **મરણોત્તર** એનાયત થયો છે.

(2) જેમાં સૌપ્રથમ **1966**માં **શ્રી લાલ બહાદુર શાસ્ત્રીને** સૌપ્રથમ વખત આ પુરસ્કાર **મરણોત્તર** એનાયત થયો હતો.

(3) **શ્રી સુભાષચંદ્ર બોઝ**ને **1992**માં **મરણોત્તર** 'ભારત રત્ન' પુરસ્કાર એનાયત થયો હતો. પરંતુ નેતાજી સુભાષચંદ્ર બોઝનું મૃત્યુ વિવાદાસ્પદ હોવાથી તેમને એનાયત થયેલા આ એવોર્ડના મરણોપરાંત સ્વરૂપ અંગે પ્રશ્નો સર્જાયા હતા. આથી, ભારત સરકારે આ સન્માન પાછું લઈ લીધું હતું. ભારત સરકાર દ્વારા એનાયત થયેલો ભારત રત્ન પુરસ્કાર પાછો લઈ લેવાનું આ એકમાત્ર ઉદાહરણ છે.

## ભારત રત્ન મેડલની ડિઝાઈન

હાલ એનાયત થતા ભારત રત્ન પુરસ્કારના મેડલમાં **તાંબાના** બનેલા **પિપળના પત્તા** પર **પ્લેટિનમ**નો **ચમકતો સૂર્ય** છે.

- તેની નીચે **દેવનાગિરી લિપી**માં ચાંદીથી **"ભારત રત્ન"** લખેલું હોય છે.
- આ મેડલની બીજી બાજુ પ્લેટિનમનું બનેલું **ભારતનું રાષ્ટ્રીય ચિહ્ન** અને તેની નીચે **દેવનાગરિગી લિપી**માં **'સત્યમેવ જયતે'** લખાયેલું હોય છે.
- આ અગાઉ પ્રારંભમાં 'ભારત રત્ન' વિજેતા વ્યક્તિને 35 mmનો ગોળાકાર સુવર્ણ ચંદ્રક એનાયત થતો હતો.

INSTITUTE FOR COMPETITIVE...

## ICE Questions

1. 'વિશ્વ આદિવાસી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 ઓગસ્ટ (B) 14 ઓગસ્ટ (C) 10 ઓગસ્ટ (D) 9 ઓગસ્ટ **(D)**

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2019ની વિશ્વ આદિવાસી દિવસની થીમ શું છે ?

(A) Indigenous Peoples Right to Education (B) Celebrating Indigenous Film Making

(C) Indigenous Languages (D) Indigenous Peoples Migration and Movement **(C)**

3. યુનાઈટેડ નેશન્સ દ્વારા કયા વર્ષને આંતરરાષ્ટ્રીય આદિવાસી ભાષા વર્ષ તરીકે ઉજવવાનું નક્કી થયું છે ?

(A) 2018 (B) 2021 (C) 2020 (D) 2019 **(D)**

4. 9 ઓગસ્ટ, 2019ના રોજ ગુજરાતમાં વિશ્વ આદિવાસી દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કયાં કરવામાં આવી હતી ?

(A) સાબરકાંઠા (B) નર્મદા (C) નવસારી (D) દાહોદ **(D)**

5. રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે તાજેતરમાં વર્ષ 2019ના ભારત રત્ન એવોર્ડ વિજેતા ત્રણ મહાનુભાવોને સન્માનિત કર્યા છે. આ ત્રણ મહાનુભાવોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) શ્રી પ્રણવ મુખર્જી (B) શ્રી અટલ બિહારી વાજપેયી

(C) શ્રી નાનાજી દેશમુખ (D) શ્રી ભૂપેન હજારિકા **(B)**

6. તાજેતરમાં વર્ષ 2019માં ભારત રત્ન પુરસ્કાર વિજેતા શ્રી નાનાજી દેશમુખ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?

(A) સંગીત (B) રાજકારણ (C) અર્થશાસ્ત્ર (D) સમાજ સેવા **(D)**

7. તાજેતરમાં વર્ષ 2019માં ભારત રત્ન પુરસ્કાર વિજેતા શ્રી ભૂપેન હજારિકા અન્ય કયા નામે ઓળખાય છે ?

(A) મુરલી મનોહર (B) સુધાકંઠ (C) ભારતનું મોતી (D) પૂર્વોત્તરનું મોતી **(B)**

8. નીચેના પૈકી કયા ભારતીય મહાનુભાવને ભારતના તમામ સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્ન, પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી દ્વારા સમ્માનિત કરવામાં આવ્યા છે ?

(1) ભૂપેન હજારિકા (2) સત્યજીત રે (3) બિસમિલ્લા ખાન (4) ભીમસેન જોશી

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3

(C) માત્ર 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 તમામ **(D)**

9. ભારતનો સર્વોચ્ચ નાગરિક સન્માન પુરસ્કાર ભારત રત્ન દર વર્ષે વધુમાં વધુ કેટલી વ્યક્તિને આપી શકાય છે ?

(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. ભારત રત્ન પુરસ્કાર આપવા માટે ભારતના રાષ્ટ્રપતિને કોના દ્વારા ભલામણ કરવામાં આવે છે ?
(A) એક સમિતિ (B) વડાપ્રધાન
(C) કેબિનેટ (D) ઉપરોક્ત એકપણ નહીં **(B)**

11. વર્ષ 2019 સુધીમાં કુલ કેટલી વ્યક્તિઓને ભારત રત્ન પુરસ્કાર એનાયત થયો છે ?
(A) 46 (B) 47 (C) 48 (D) 49 **(C)**

12. નીચેનામાંથી કયો વિકલ્પ ભારત રત્ન પુરસ્કારના સન્માન સંદર્ભે ખોટો છે ?
(A) ભારત રત્ન વિજેતાને રૂપિયા 1 કરોડનું રોકડ ઈનામ આપવામાં આવે છે.
(B) ભારત રત્ન મેળવનાર વ્યક્તિને ભારતના પ્રોટોકોલ લિસ્ટમાં સાતમા ક્રમે ગણવામાં આવે છે.
(C) ભારત રત્ન મેળવનાર વ્યક્તિને રાષ્ટ્રપતિના હસ્તાક્ષરવાળું એક પ્રશસ્તિ પત્ર આપવામાં આવે છે.
(D) ભારત રત્ન મેળવનાર વ્યક્તિને પીપળાનાં પાનના આકારનું સન્માનચિહ્ન આપવામાં આવે છે. **(A)**

13. ભારતમાં ભારત રત્ન પુરસ્કારનો પ્રારંભ કયા વર્ષથી થયો છે ?
(A) ઈ.સ. 1950 (B) ઈ.સ. 1952 (C) ઈ.સ. 1954 (D) ઈ.સ. 1956 **(C)**

14. નીચેના પૈકી કયા વિદેશી વ્યક્તિને ભારત રત્ન પુરસ્કાર મળ્યો નથી ?
(A) મધર ટેરેસા (B) શ્રી ખાન અબ્દુલ ગફાર ખાન
(C) શ્રી નેલ્સન મંડેલા (D) લોર્ડ માઉન્ટ બેટન **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 10 AUGUST, 2019 SATURDAY

➤ **દિવસ મહિમા : 10 ઓગસ્ટ (1) વિશ્વ જૈવ-ઈંધણ દિવસ (Wolrd Biofuel Day)**
**(2) વિશ્વ સિંહ દિવસ (World Lion Day)**

### વિશ્વ સિંહ દિવસ

સમગ્ર વિશ્વમાં 10 ઓગસ્ટનો દિવસ 'વિશ્વ સિંહ દિવસ' તરીકે ઉજવાય છે.

- આ અંતર્ગત ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા 10 ઓગસ્ટ, 2019ના રોજ ગુજરાતના સાસણ ખાતે 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- સમગ્ર વિશ્વમાં આ પ્રજાતિના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોમાં જાગૃતિ કેળવાય અને સિંહના સંરક્ષણ અને સંવર્ધનમાં લોકોની ભાગીદારી વધે તે હેતુથી 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ માટે તાજેતરમાં સૌરાષ્ટ્રની અનેક શાળાઓમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



### એશિયાટિક સિંહ

એશિયાઈ સિંહ એ **બિલાળીકુળનું સૌથી ઊંચું** અને **વાઘ પછીનું સૌથી મોટું** પ્રાણી છે.

- એશિયાઈ સિંહ માત્ર ભારત દેશના ગુજરાત રાજ્યના **સૌરાષ્ટ્ર પ્રદેશ**માં જ જોવા મળે છે.
- એક સમયે એશિયાઈ સિંહો મેસોપોટેમીયા, અરેબિયા, પર્શીયા અને ભારતીય ઉપખંડ સુધી ફેલાયેલા હતા. છેલ્લે સિંહની વસતી ઘટતા હવે તેઓ માત્ર **ગીરના જંગલોમાં** જ જોવા મળે છે.

**નોંધ :** હાલના સમયે સિંહ સમગ્ર વિશ્વમાં ફકત બે જ જગ્યાએ જોવા મળે છે : (1) **આફ્રિકા**માં અને (2) **ભારતમાં ગુજરાતના સૌરાષ્ટ્રમાં**

## ➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ત્રણ વર્ષની કામગીરીની ગરિમામય ઉજવણી

7 ઓગસ્ટ, 2019ના રોજ ગુજરાતમાં **ગાંધીનગર**ના પ્રસિદ્ધ **મહાત્મા મંદિર** ખાતે ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની સરકારને **ત્રણ વર્ષ** પૂરા થવાને પ્રસંગે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.



- આ સમારોહને **નિર્ણાયક નેતૃત્વનાં 3 વર્ષ 'સંકલ્પ સે સિદ્ધિ કી ઓર અગ્રેસર'** શીર્ષક આપવામાં આવ્યું હતું.
- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ચાર યોજના લોન્ચ કરી હતી.

  (1) મુખ્યમંત્રી સંશોધન પ્રોત્સાહન યોજના

  (2) સૂર્ય ઊર્જા રૂફટોપ યોજના (સૂર્ય ગુજરાત)

  (3) મુખ્યમંત્રી કૃષિ યાંત્રિકીકરણ યોજના

  (4) પ્રાઈવેટ સ્લમ ડેવલપમેન્ટ માટે PPP પુનઃવસન નીતિ 2019
- ઉપરોક્ત ચાર યોજનાઓ વિશે વધુ માહિતી હવે પછી જાહેર થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®





## ➤ 66th National Film Awards 2019

9 ઓગસ્ટ, 2019ના રોજ ભારતના **'66મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019'**ના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે.

- વર્ષ **2018**માં પ્રસિદ્ધ થયેલી શ્રેષ્ઠ ફિલ્મોને આધારે આ એવોર્ડની પસંદગી કરવામાં આવી છે.
- ભારતમાં **'ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ્સ'** દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

### ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો'ને બેસ્ટ ફિલ્મનો એવોર્ડ : 'રેવા' બેસ્ટ ગુજરાતી ફિલ્મ

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા આ એવોર્ડમાંથી ગુજરાતી ફિલ્મ **'હેલ્લારો'**ને **'બેસ્ટ ફિલ્મ'**નો એવોર્ડ મળ્યો છે.

- કચ્છની મહિલા પર બનેલી આ ફિલ્મના ડાયરેક્ટર **શ્રી અભિષેક શાહ** છે.
- **'બેસ્ટ ફિલ્મ'**ના એવોર્ડ ઉપરાંત **'હેલ્લારો'**ને **'સ્પેશિયલ જ્યુરી એવોર્ડ'** પણ એનાયત થયો છે.
- આ ઉપરાંત **પ્રાદેશિક ફિલ્મો**ની કેટેગરીમાં **'રેવા'** ફિલ્મને **'બેસ્ટ ગુજરાતી ફિલ્મ'**નો એવોર્ડ એનાયત થયો છે.

### બે ગુજરાતી ફિલ્મોને રોકડ પુરસ્કારની શ્રી વિજયભાઈ રૂપાણીની જાહેરાત

66મા નેશનલ ફિલ્મ પુરસ્કાર 2019માં એવોર્ડ વિજેતા ઉપરોક્ત **બે ફિલ્મો**ને રોકડ પુરસ્કાર આપવાની મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ જાહેરાત કરી છે.

- ગુજરાત સરકાર દ્વારા ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન આપવા માટે જાહેર કરાયેલી **'ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન નીતિ-2016'** અંતર્ગત આ પુરસ્કાર આપવામાં આવશે. જેમાં–
  (1) નેશનલ ફિલ્મ એવોર્ડમાં **'બેસ્ટ ફિચર ફિલ્મ'**નો એવોર્ડ વિજેતા **'હેલ્લારો'** ફિલ્મને **રૂ. 2 કરોડ**નો પુરસ્કાર મળશે.
  (2) જ્યારે નેશનલ ફિલ્મ એવોર્ડમાં **'બેસ્ટ ગુજરાતી ફિલ્મ'**નો એવોર્ડ વિજેતા ફિલ્મ **'રેવા'**ને ગુજરાત સરકાર તરફથી **રૂ. 1 કરોડ**નો પુરસ્કાર મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વિવિધ ફિલ્મોને મળેલા એવોર્ડ

ભારતમાં મુખ્ય ત્રણ કેટેગરી– **(1) ગોલ્ડન લોટસ એવોર્ડ (2) સિલ્વર લોટસ એવોર્ડ અને (3) રિજનલ (પ્રાદેશિક) એવોર્ડ** – માં વિવિધ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારની જાહેરાત કરવામાં આવે છે.

- આ અંતર્ગત જાહેર થયેલા વિવિધ એવોર્ડમાંથી કેટલાક મહત્ત્વના એવોર્ડ આ પ્રમાણે છે :

#### ગોલ્ડન લોટસ એવોર્ડ : (ઓફિશિયલ નામ - સ્વર્ણ કમલ એવોર્ડ)

| ક્રમ | એવોર્ડ | વિજેતા ફિલ્મ | ભાષા |
|---|---|---|---|
| 1 | બેસ્ટ ફિલ્મ | હેલ્લારો | ગુજરાતી |
| 2 | બેસ્ટ ડિબ્યુ ફિલ્મ ઓફ ડાયરેક્ટર | નાલ | મરાઠી |
| 3 | બેસ્ટ પોપ્યુલર ફિલ્મ | બધાઈ હો | હિન્દી |
| 4 | બેસ્ટ ચિલ્ડ્રન ફિલ્મ | Sarkari Hi. pra. Shaale, Kasaragodu, Koduge : Ramanna Rai | કન્નડ |
| 5 | બેસ્ટ ડાયરેક્શન | ઉરી : ધ સર્જિકલ સ્ટ્રાઈક (ડાયરેક્ટર – શ્રી આદિત્ય ધાર) | હિન્દી |

### સિલ્વર લોટસ એવોર્ડ : (ઓફિશિયલ નામ - રજત કમલ એવોર્ડ)

| ક્રમ | એવોર્ડ | વિજેતા વ્યક્તિ | ફિલ્મ | ભાષા |
|---|---|---|---|---|
| 1 | બેસ્ટ એક્ટર | શ્રી આયુષ્યમાન ખુરાના | અંધાધૂંધ | હિન્દી |
| | | શ્રી વિકી કૌશલ | ઉરી : ધ સર્જિકલ સ્ટ્રાઈક | હિન્દી |
| 2 | બેસ્ટ એક્ટ્રેસ | સુશ્રી કીર્તિ સુરેશ | મહાનતિ | તેલુગુ |
| 3 | સ્પેશિયલ જ્યુરી એવોર્ડ | – | હેલ્લારો | ગુજરાતી |

### રિજનલ (પ્રાદેશિક) એવોર્ડ

| ક્રમ | એવોર્ડ | ફિલ્મ |
|---|---|---|
| 1 | બેસ્ટ ગુજરાતી ફિલ્મ | રેવા |
| 2 | બેસ્ટ હિન્દી ફિલ્મ | અંધાધૂંધ |

**નોંધ :** 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019'માં સૌથી વધુ 5 એવોર્ડ 'Nathicharami' (નથીચારામી) નામની કન્નડ ફિલ્મને મળ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE E

## ➤ મોટર વાહન (સુધારા) બિલ 2019ને રાષ્ટ્રપતિની મંજૂરી



ભારતમાં કેન્દ્ર સરકારના પરિવહન મંત્રી **શ્રી નીતિન ગડકરી** દ્વારા રજૂ કરવામાં આવેલું **'Motor Vehicles (Amendment) Bill, 2019'** ભારતની લોકસભા બાદ ભારતની રાજ્યસભામાં પણ તાજેતરમાં પસાર થઈ ગયું હતું.

- હવે આ બિલને ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** પણ મંજૂરી આપી દીધી છે.

### આ બિલ અંતર્ગત કયા એક્ટમાં સુધારો કરવામાં આવ્યો છે ?

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે મંજૂર કરેલા આ બિલ દ્વારા **'The Motor Vehicles Act, 1988'**માં સુધારો કરવામાં આવ્યો છે.

### બિલની નવી જોગવાઈ

તાજેતરમાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે મંજૂરી આપેલા **'મોટર વાહન(સુધારા) બિલ 2019'**માં રોડ સેફટી માટે તથા રોડ પર શિસ્ત લાવવા માટે કડક દંડના નિયમો લાગુ કરવામાં આવ્યા છે.

- બિલની જોગવાઈ અનુસાર ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ મિનિમમ દંડ **રૂ. 100**થી વધારીને **રૂ. 500** કરવામાં આવ્યો છે.
- આ નવા બિલમાં વધુમાં વધુ **રૂ. 1 લાખ** સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

## મોટર વાહન(સુધારા) બિલ 2019માં દંડની જોગવાઈ

| ક્રમ | કલમ | ગુનો | દંડ અગાઉ | દંડ હવે |
|---|---|---|---|---|
| 1 | 177 | સામાન્ય | રૂ. 100 | રૂ. 500 |
| 2 | New 177A | માર્ગ નિયમનના નિયમોનું ઉલ્લંઘન | રૂ. 100 | રૂ. 500 |
| 3 | 178 | ટિકિટ વિના મુસાફરી | રૂ. 200 | રૂ. 500 |
| 4 | 179 | અધિકારીઓના આદેશોનો અનાદર | રૂ. 500 | રૂ. 2000 |
| 5 | 180 | લાયસન્સ વિના વાહનોનો અનધિકૃત ઉપયોગ | રૂ. 1000 | રૂ. 5000 |
| 6 | 181 | લાયસન્સ વિના વાહન ચલાવવું | રૂ. 500 | રૂ. 5000 |
| 7 | 182 | અયોગ્યતા હોવા છતાં વાહન ચલાવવું | રૂ. 500 | રૂ. 10,000 |
| 8 | 182 B | ઓવરસાઈઝ વાહનો | New | રૂ. 5000 |
| 9 | 183 | ઓવર સ્પીડિંગ | રૂ. 400 | રૂ. 1000 LMV વાહન માટે<br>રૂ. 2000 મીડિયમ પેસેન્જર વાહન માટે |
| 10 | 184 | ખતરનાક ડ્રાઈવિંગ | રૂ. 1000 | રૂ. 5000થી વધુ |
| 11 | 185 | નશામાં ડ્રાઈવિંગ | રૂ. 2000 | રૂ. 10,000 |
| 12 | 189 | ઝડપ/રેસિંગ | રૂ. 500 | રૂ. 5000 |
| 13 | 192 A | પરવાનગી વિના વાહન | રૂ. 5000થી વધુ | રૂ. 10,000થી વધુ |
| 14 | 193 | લાયસન્સની શરતોનું ઉલ્લંઘન | New | રૂ. 25,000થી રૂ. 1,00,000 |
| 15 | 194 | ઓવરલોડિંગ | રૂ. 2000 અને વધારાના ટન દીઠ રૂ. 1000 | રૂ. 20,000 અને વધારાના ટન દીઠ રૂ. 2000 |
| 16 | 194 A | મુસાફરોનું વધુ ભારણ | - | વધારાના મુસાફર દીઠ રૂ. 1000 |
| 17 | 194 B | સીટ બેલ્ટ | રૂ. 100 | રૂ. 1000 |
| 18 | 194 C | દ્વિચક્રી ઓવરલોડિંગ | રૂ. 100 | રૂ. 2000, લાયસન્સ માટે 3 મહિનાની અયોગ્યતા |
| 19 | 194 D | હેલ્મેટ્સ | રૂ. 100 | રૂ. 1000, લાયસન્સ માટે 3 મહિનાની અયોગ્યતા |
| 20 | 194 E | ઈમર્જન્સી વાહનો માટે માર્ગ ન આપવો | New | રૂ. 10,000 |
| 21 | 196 | વીમા વિના ડ્રાઈવિંગ | રૂ. 1000 | રૂ. 2000 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| ક્રમ | કલમ | ગુનો | દંડ અગાઉ | દંડ હવે |
|---|---|---|---|---|
| 22 | 199 | સગીર બાળકો દ્વારા ગુના | New | વાલી/માલિકને દોષી માનવામાં આવશે. રૂ. 25,000 દંડ 3 વર્ષની કેદ સાથે. સગીર પર JJ Act હેઠળ કેસ ચલાવવા માટે મોટર વાહનની નોંધણી રદ કરવામાં આવશે. |
| 23 | 206 | અધિકારીઓને દસ્તાવેજો જપ્ત કરવાની સત્તા | New | કલમ – 183, 184, 185, 189, 190 194 C, 194 D, 194 E હેઠળ ડ્રાઈવિંગ લાઈસન્સનું સસ્પેન્શન |
| 24 | 210 B | અધિકારીઓ દ્વારા લાગુ કરાયેલા ગુના | New | સંબંધિત વિભાગ હેઠળ દંડ બે વાર |

**નોંધ :**

(1) ભારતમાં વર્તમાન સમયે હિટ એન્ડ રનના કેસમાં મૃત્યુ થવા પર રૂ. 25,000 રૂપિયાનું વળતર મળતું હતું. હવે આ વળતર વધારીને રૂ. 2 લાખ કરવામાં આવ્યું છે.

(2) આ ઉપરાંત ઘાયલ થવાની સ્થિતિમાં અગાઉ 12,500 રૂપિયા વળતર મળતું હતું. જે હવે વધારીને રૂ. 50,000 કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE ? Questions

1. ‘વિશ્વ જૈવ ઈંધણ દિવસ’ અથવા તો ‘World Biofuel Day’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 8 ઓગસ્ટ (B) 9 ઓગસ્ટ (C) 10 ઓગસ્ટ (D) 11 ઓગસ્ટ **(C)**

2. ‘વિશ્વ સિંહ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 8 ઓગસ્ટ (B) 9 ઓગસ્ટ (C) 10 ઓગસ્ટ (D) 11 ઓગસ્ટ **(C)**

3. તાજેતરમાં 7 ઓગસ્ટ 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સરકારની ત્રણ વર્ષની કામગીરીની ઉજવણી કયા શીર્ષક હેઠળ કરવામાં આવી હતી ?
   (A) સંકલ્પ સે સિદ્ધિ કી ઓર (B) સંકલ્પ સે સિદ્ધિ કી ઓર અગ્રેસર
   (C) સંકલ્પ સે સિદ્ધિ તક (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

4. તાજેતરમાં ઓગસ્ટ 2019 દરમિયાન ભારતમાં કેટલામા ‘રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ’ વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે ?
   (A) 64મા (B) 65મા (C) 66મા (D) 67મા **(C)**

5. રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019માં ‘બેસ્ટ ફિલ્મ’નો એવોર્ડ કઈ ફિલ્મને એનાયત થયો છે ?
   (A) રેવા (B) હેલ્લારો
   (C) પદ્માવત (D) ઉરી : ધ સર્જિકલ સ્ટ્રાઈક **(B)**

6. રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019માં 'સ્પેશિયલ જ્યુરી'નો એવોર્ડ કઈ ફિલ્મને એનાયત થયો છે ?
(A) રેવા (B) હેલ્લારો
(C) પદ્માવત (D) ઉરી : ધ સર્જિકલ સ્ટ્રાઈક (B)

7. રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019માં 'બેસ્ટ ગુજરાતી ફિલ્મ'નો એવોર્ડ કઈ ફિલ્મને એનાયત થયો છે ?
(A) હેલ્લારો (B) ચાલ જીવી લઈએ (C) રેવા (D) શું થયું ? (C)

8. 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019'માં બેસ્ટ ફિલ્મ એવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો'ને ગુજરાત સરકાર દ્વારા કેટલા રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવશે ?
(A) રૂ. 1 કરોડ (B) રૂ. 2 કરોડ (C) રૂ. 3 કરોડ (D) રૂ. 5 કરોડ (B)

9. 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019'માં પ્રાદેશિક ફિલ્મોની કેટેગરીમાં 'બેસ્ટ ગુજરાતી ફિલ્મ'નો એવોર્ડ વિજેતા ફિલ્મ 'રેવા'ને ગુજરાત સરકાર દ્વારા કેટલા રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવશે ?
(A) રૂ. 50 લાખ (B) રૂ. 1 કરોડ (C) રૂ. 1.5 કરોડ (D) રૂ. 2 કરોડ (B)

10. 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019'માં 'બેસ્ટ પોપ્યુલર ફિલ્મ'નો એવોર્ડ કઈ ફિલ્મને મળ્યો છે ?
(A) પદ્માવત (B) ઉરી : ધ સર્જિકલ સ્ટ્રાઈક
(C) અંધાધૂંધ (D) બધાઈ હો (D)

11. 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ 2019'માં સૌથી વધુ 5 એવોર્ડ જીતનાર ફિલ્મ 'Nathicharami' કઈ ભાષાની ફિલ્મ છે ?
(A) તમિલ (B) તેલુગુ (C) કન્નડ (D) ઉડિયા (C)

12. તાજેતરમાં ભારતમાં 'મોટર વાહન(સુધારા) બિલ 2019' દ્વારા કયા એક્ટમાં સુધારો કરવામાં આવ્યો છે ?
(A) મોટર વાહન એક્ટ, 1968 (B) મોટર વાહન એક્ટ, 1978
(C) મોટર વાહન એક્ટ, 1988 (D) મોટર વાહન એક્ટ, 1998 (C)

13. 'મોટર વાહન(સુધારા) બિલ 2019'માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ મિનિમમ દંડ રૂ. 100થી વધારીને કેટલો કરવામાં આવ્યો છે ?
(A) રૂ. 200 (B) રૂ. 300 (C) રૂ. 500 (D) રૂ. 1000 (C)

14. 'મોટર વાહન(સુધારા) બિલ 2019'માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં લાયસન્સ વિના વાહન ચલાવવા બદલ મિનિમમ દંડ રૂ. 500થી વધારીને કેટલો કરવામાં આવ્યો છે ?
(A) રૂ. 1000 (B) રૂ. 2000 (C) રૂ. 5000 (D) રૂ. 10,000 (C)

15. 'મોટર વાહન(સુધારા) બિલ 2019'માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં સીટ બેલ્ટ વિના વાહન ચલાવવા બદલ મિનિમમ દંડ રૂ. 100થી વધારીને કેટલો કરવામાં આવ્યો છે ?
(A) રૂ. 1000 (B) રૂ. 2000 (C) રૂ. 5000 (D) રૂ. 10,000 (A)

16. 'મોટર વાહન(સુધારા) બિલ 2019'માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં દારૂ પીને ડ્રાઈવિંગ કરવા બદલ મિનિમમ દંડ રૂ. 2000થી વધારીને કેટલો કરવામાં આવ્યો છે ?
(A) રૂ. 1000 (B) રૂ. 2000 (C) રૂ. 5000 (D) રૂ. 10,000 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

17. 'મોટર વાહન(સુધારા) બિલ 2019'માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં જોખમી ડ્રાઈવિંગ કરવા બદલ મિનિમમ દંડ રૂ. 1000થી વધારીને કેટલો કરવામાં આવ્યો છે ?

(A) રૂ. 1000 (B) રૂ. 2000 (C) રૂ. 5000 (D) રૂ. 10,000 **(C)**

18. 'મોટર વાહન(સુધારા) બિલ 2019'માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં રેસિંગ કરવા બદલ મિનિમમ દંડ રૂ. 500થી વધારીને કેટલો કરવામાં આવ્યો છે ?

(A) રૂ. 1000 (B) રૂ. 2000 (C) રૂ. 5000 (D) રૂ. 10,000 **(C)**

19. 'મોટર વાહન(સુધારા) બિલ, 2019' અનુસાર સગીર બાળકો દ્વારા ટ્રાફીકના ગુનાની સ્થિતિમાં કયા દંડની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) આ માટે વાલી અથવા તો વાહનનો માલિક દોષી ગણાશે.

(B) ગુના બદલ રૂ. 25,000 દંડ તથા 3 વર્ષની કેદ

(C) મોટર વાહનની નોંધણી રદ થશે.

(D) ઉપરોક્ત ત્રણેય **(D)**

20. 'મોટર વાહન(સુધારા) બિલ, 2019' અનુસાર હિટ એન્ડ રનના કેસમાં મૃત્યુ માટે અગાઉ આપવામાં આવતી વળતરની રકમ રૂ. 25,000થી વધારીને કેટલી કરવામાં આવી છે ?

(A) રૂ. 50,000 (B) રૂ. 1 લાખ (C) રૂ. 2 લાખ (D) રૂ. 3 લાખ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે 'રાજાધિરાજ' પુસ્તકનું વિમોચન

તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ રિલાયન્સ ગ્રુપના પ્રેસિડેન્ટ **શ્રી ધનરાજ નથવાણી**ની પહેલ હેઠળ તૈયાર કરવામાં આવેલ કોફી ટેબલ બુક **'રાજાધિરાજ'**નું અમદાવાદ ખાતેથી વિમોચન કર્યું છે. ભગવાન **શ્રી કૃષ્ણ** વિશેના આ પુસ્તકની રચનાનો મુખ્ય ઉદ્દેશ દ્વારકા વિશે વધુ લોકોને માહિતી મળે અને દ્વારકાધીશની પ્રિય એવી **પીછવાઈ ચિત્રકલા** વધુને વધુ લોકો સુધી પહોંચે તે હતો.

## ➤ 'મુખ્યમંત્રી સાથે મોકળા મને' કાર્યક્રમનો ગુજરાતમાં પ્રારંભ

ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી **વિજયભાઈ રૂપાણી**ની સરકારના **ત્રણ વર્ષ** પૂરા થવાના પ્રસંગે મુખ્યમંત્રી શ્રીએ **'મુખ્યમંત્રી સાથે મોકળા મને'** કાર્યક્રમ લોન્ચ કર્યો છે. આ અંતર્ગત આ કાર્યક્રમની પહેલી કડીમાં તેમણે **ગાંધીનગર** ખાતેના તેમના નિવાસ સ્થાને ગુજરાતના મહાનગરોના **ઝુંપડપટ્ટી** વિસ્તારોમાંથી આવેલા લોકો સાથે **મોકળા મને વાતચીત** કરી હતી. આ કાર્યક્રમ અંતર્ગત હવેથી **નિયમિત દર મહિને** સમાજના વિવિધ વર્ગોનાં સામાન્ય માનવીઓને મુખ્યમંત્રી નિવાસે આમંત્રી તેમની સાથે સંવાદ સાધવામાં આવશે.

## ➤ 3–ડી ટેક્નોલોજી માટે અમેરિકાની યુ.એસ. ઈન્સ્ટિટ્યૂટ ઓફ 3-ડી ટેક્નોલોજી સાથે કરાર

ગુજરાત સરકારના **શિક્ષણ વિભાગ** દ્વારા તાજેતરમાં અમેરિકાના **કેલિફોર્નિયા** ખાતે આવેલી **યુ.એસ. ઈન્સ્ટિટ્યૂટ ઓફ 3-ડી ટેક્નોલોજી** સાથે MOU કરવામાં આવ્યા છે. ગુજરાતના વિદ્યાર્થીઓ **3-ડી પ્રિન્ટિંગ ટેક્નોલોજી**થી માહિતગાર થાય તે માટે આ કરાર કરવામાં આવ્યા છે. શરૂઆતમાં ગુજરાતમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, ભરૂચ, રાજકોટ, કલોલ સહિત સાત સ્થળોએ આ 3–ડી ટેક્નોલોજી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# ભારત

## ➤ ભારતમાં 17મી લોકસભાનું સત્ર સૌથી વધુ પ્રોડક્ટીવ રહ્યું

ભારતમાં તાજેતરમાં સમાપ્ત થયેલું **17મી લોકસભાનું** પ્રથમ સત્ર 67 વર્ષમાં સૌથી વધુ પ્રોડક્ટીવ રહ્યું છે. **51 દિવસ**ના આ સત્રમાં 37 બેઠક યોજાઈ અને કુલ **280 કલાક** કામ થયું.લોકસભામાં કુલ **36 બિલ** રજૂ કરાયા, જે તમામ પસાર થઈ ગયા હતા. પર્સેન્ટેજની દષ્ટિએ લોકસભામાં **135% ટકા** કામ થયું હતું. સત્તરમી લોકસભાનું આ પ્રથમ સત્ર **17 જૂન**થી શરૂ થઈને **27 જુલાઈ**એ ખતમ થવાનું હતું. બાદમાં તેને **7 ઓગસ્ટ** સુધી લંબાવાયું હતું. આથી, લોકસભાના ઈતિહાસમાં **પહેલી લોકસભાના પહેલા સત્ર બાદ** આ **બીજું સૌથી લાંબુ સત્ર** હતું.

## ➤ પ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા શ્રી જે. ઓમ પ્રકાશનું નિધન

તાજેતરમાં ભારતના પ્રસિદ્ધ **ફિલ્મ નિર્માતા** અને પ્રસિદ્ધ અભિનેતા શ્રી રીતિક રોશનના નાના **શ્રી જે. ઓમ પ્રકાશનું** 93 વર્ષની વયે નિધન થયું છે. તેમણે આખિર કયું, આપકી કસમ, આઈ મિલન કી બેલા, આયા સાવન ઝુમકે, આયે દિન બહાર કે... વગેરે જેવી હિટ ફિલ્મો બનાવી હતી.

# વિશ્વ

## ➤ સાઉથ આફ્રિકાના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી હાસિમ અમલાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

**સાઉથ આફ્રિકા**ના ઓપનિંગ બેટ્સમેન **શ્રી હાસિમ અમલા**એ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. સાઉથ આફ્રિકા તરફથી **ટેસ્ટમાં સૌપ્રથમ ત્રેવડી સદી** ફટકારનારા બેટ્સમેન તરીકેનો રેકોર્ડ નોંધાવનારા **શ્રી હાસિમ અમલાએ વન ડે ક્રિકેટ**માં સૌથી ઝડપી **2000, 3000, 4000, 5000, 6000 અને 7000** રન બનાવવાનો રેકોર્ડ નોંધાવ્યો હતો. સાઉથ આફ્રિકા તરફથી **ટેસ્ટમાં સૌથી વધુ 311 રન** બનાવવાનો રેકોર્ડ પણ તેમના નામે જ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તાજેતરમાં અમદાવાદ ખાતેથી ભગવાન શ્રી કૃષ્ણ વિશેના કયા કોફી ટેબલ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું છે ? – રાજાધિરાજ
- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં કયાંથી ભગવાન શ્રી કૃષ્ણ વિશેના કોફી ટેબલ પુસ્તક 'રાજાધિરાજ'નું વિમોચન કર્યું છે ? – અમદાવાદ
- મુખ્યમંત્રીના નિવાસ સ્થાને દર મહિને નિયમિત રીતે સમાજના વિવિધ વર્ગના સામાન્ય માનવીઓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે સંવાદ કરી શકે તે માટે તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા કયો કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે ? – મુખ્યમંત્રી સાથે મોકળા મને
- ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં 3–ડી ટેક્નોલોજી માટે કયા દેશની સંસ્થા સાથે MOU કરવામાં આવ્યા છે ? – અમેરિકા
- ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં અમેરિકાના કેલિફોર્નિયા ખાતે આવેલી કઈ સંસ્થા સાથે 3–ડી ટેક્નોલોજી માટે MOU કરવામાં આવ્યા છે ? – યુ.એસ. ઈન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજી
- તાજેતરમાં ભારતની 17મી લોકસભાના પ્રથમ સત્રમાં કેટલા ટકા કામ થયું છે ? – 135 ટકા
- તાજેતરમાં ભારતની 17મી લોકસભાનું પ્રથમ સત્ર ભારતની લોકસભાના ઈતિહાસમાં ભારતની પહેલી લોકસભાના પહેલા સત્ર બાદ કેટલામું સૌથી લાંબુ સત્ર હતું ? – બીજું
- તાજેતરમાં શ્રી જે. ઓમ પ્રકાશનું નિધન થયુ છે... તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – ફિલ્મ
- તાજેતરમાં શ્રી હાસિમ અમલાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે... તેઓ કયા દેશના ક્રિકેટર છે ? –સાઉથ આફ્રિકા
- વન ડે ક્રિકેટમાં સૌથી ઝડપી 2000, 3000, 4000, 5000, 6000 અને 7000 રન બનાવવાનો રેકોર્ડ ધરાવતા કયા ક્રિકેટરે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે ? –શ્રી હાસિમ અમલા
- તાજેતરમાં દક્ષિણ આફ્રિકાના કયા પ્રસિદ્ધ ઓપનિંગ બેટ્સમેને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે ? –શ્રી હાસિમ અમલા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. તાજેતરમાં ઓગસ્ટ 2019 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કેવડિયા કોલોની ખાતે નર્મદાના નીરને વધાવવા માટે ડેમની નિરીક્ષણ મુલાકાત લીધી હતી...આ સમયે નર્મદા ડેમમાં પાણીની સપાટી કેટલા મીટર સુધીની હતી ? – 131.5 મીટર
2. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ગુજરાતમાં નવી ઔદ્યોગિક નીતિ ઘડવા માટે 10 જેટલી નવી ટાસ્કફોર્સની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે...ગુજરાતમાં હાલ અમલમાં રહેલી અને ડિસેમ્બર 2019માં પૂર્ણ થઈ રહેલી ઔદ્યોગિક નીતિ ગુજરાતમાં ક્યારથી અમલમાં આવી હતી ? – 1 જાન્યુઆરી, 2015
3. તાજેતરમાં મહાત્મા ગાંધીજી અંગેના પુસ્તક 'લર્નિંગ નોન વાયોલન્સ'નું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ક્યાંથી વિમોચન કર્યું છે ? – રાજકોટ
4. તાજેતરમાં ગુજરાતના કયા શહેર અથવા તો જિલ્લા પોલીસની 'સુરક્ષા કવચ' એપ્લિકેશનને દિલ્હીમાં પોલીસ એક્સેલેન્ટ એવોર્ડ મળ્યો છે ? – રાજકોટ
5. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગુજરાતના કયા શહેર અથવા તો જિલ્લાના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની ડિરેક્ટરી–2019નું વિમોચન કર્યું છે ? – રાજકોટ
6. ગુજરાતના સંસદીય ઈતિહાસમાં તાજેતરમાં ગુજરાત વિધાનસભાગૃહની કાર્યવાહી સૌથી લાંબા રેકોર્ડ કેટલા સમય સુધી સતત ચાલી હતી ? – સતત 12 કલાક, 9 મિનિટથી વધુ સમય સુધી
7. તાજેતરમાં ઓગસ્ટ 2019 દરમિયાન પાકિસ્તાન સરકારે પાકિસ્તાનના પંજાબના ઝેલમ જિલ્લામાં આવેલા કયા ઐતિહાસિક ગુરૂદ્વારાને 72 વર્ષ બાદ શીખ શ્રદ્ધાળુઓ માટે ખોલ્યો છે ? – ચોઆ સાહિબ ગુરૂદ્વારા
8. તાજેતરમાં ટી-20 ક્રિકેટમાં પોતાની ડેબ્યુ મેચમાં 20મી ઓવર મેડન નાખનાર ભારતીય બોલરનું નામ શું છે ? – શ્રી નવદીપ સૈની
9. તાજેતરમાં થયેલી જાહેરાત અનુસાર ભારતના કયા રાજ્યના દુધાળા પશુઓને 12 આંકડાનો યુનિક આઈડી નંબર આપવામાં આવશે ? – બિહાર
10. ભારતમાં કેન્દ્ર સરકારની કઈ યોજના અંતર્ગત બિહારના દુધાળા પશુઓને યુનિક આઈડી નંબર આપવામાં આવશે ? – ઈન્ફોર્મેશન નેટવર્ક ફોર એનિમલ પ્રોડક્ટિવિટી એન્ડ હેલ્થ યોજના
11. તાજેતરમાં હોવર બોર્ડ અથવા તો Flyboard દ્વારા ઈંગ્લિશ ચેનલ પાર કરીને ઈતિહાસ સર્જનાર ફ્રેન્ચ શોધકનું નામ શું છે ? – શ્રી ફ્રેન્કી ઝપાટા
12. તાજેતરમાં કયા દેશના IT એન્જિનિયર શ્રી પોલ કલિંગરે એક ઈંચની સ્ક્રીન ધરાવતું અને તેમાં ગેમ પણ રમી શકાય એવું વિશ્વનું સૌથી નાનું લેપટોપ બનાવ્યું છે ? – અમેરિકા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. 15 નવેમ્બર, 2019ના રોજ જાહેર થનાર 'ધ સ્ટ્રક્ચરલ એવોર્ડ 2019' માટે બ્રિટનની ઈન્સ્ટિટયૂશન ઓફ સ્ટ્રક્ચરલ એન્જિનિયર્સ દ્વારા ભારતના કયા સ્ટ્રક્ચરને શોર્ટ લિસ્ટ કરવામાં આવ્યું છે ? – સ્ટેચ્યુ ઓફ યુનિટી

14. તાજેતરમાં ભારતના કયા મુખ્યમંત્રીને પ્લાસ્ટિકના રેપરમાં ગિફ્ટ આપવા બદલ (પ્લાસ્ટિક પર પ્રતિબંધ હોવાને કારણે) ત્યાંના એક મેયરને રૂ. 500નો દંડ કરવામાં આવ્યો છે ? – શ્રી યેદીયુરપ્પા (કર્ણાટક)

15. તાજેતરમાં પોતાના રાજ્યના મુખ્યમંત્રીને પ્લાસ્ટિકના રેપરમાં ગિફ્ટ આપવા બદલ ભારતના કયા શહેરના મેયરને રૂ. 500નો દંડ કરવામાં આવ્યો છે ? – બેંગાલુરુ (ના મેયર સુશ્રી ગંગામ્બિક મલ્લિકાર્જૂનને)

16. ભારતીય રેલવે દ્વારા તાજેતરમાં ફલાઈટની જેમ હવે ભારતની કઈ ટ્રેનમાં હોસ્ટેસ દ્વારા ભોજન પીરસવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – વંદે ભારત એક્સપ્રેસ

17. ભારતની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે કઈ વિદેશી કંપની સાથે મળીને ભારતમાં 5500 જેટલા પેટ્રોલ પંપ ખોલવાની યોજના બનાવી છે ? – બ્રિટિશ પેટ્રોલિયમ

18. તાજેતરમાં અમેરિકાએ કયા દેશને ચલણના મૂલ્યમાં કૃત્રિમ રીતે વધઘટ કરનારો દેશ જાહેર કર્યો છે ? – ચીન

19. તાજેતરમાં ભારતના કયા રાજ્યની સાત પ્રાઈવેટ સ્કૂલોમાં વૃક્ષારોપણ માટે વધારાના 20 માર્ક્સ આપવાની પહેલ શરૂ કરવામાં આવી છે ? – છત્તીસગઢ(ના રાયપુરની સ્કૂલોમાં)

20. તાજેતરમાં ભારતમાં કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશે દર મહિને 15 GB ડેટા મફતમાં આપવાની જાહેરાત કરી છે ? – દિલ્હી

21. ભારતમાં વર્ષ 2021ની વસતી ગણતરી 16 ભાષાઓમાં થઈ હતી જયારે 2021માં અનુસૂચિમાં સામેલ 22 ભાષાઓમાંથી કેટલી ભાષામાં વસતી ગણતરી થશે ? – 18

22. ભારતમાં દર દસ વર્ષે વસતી ગણતરી કરવાનો પ્રારંભ કયારથી થયો હતો ? – 1872

23. ભારતમાં સૌપ્રથમ વખત દેશની પૂર્ણ વસતી ગણતરી કયારે થઈ હતી ? – 1881

24. ભારતમાં વર્ષ 2021માં કેટલામી (દસ વર્ષીય) વસતી ગણતરી થશે ? – 16મી

25. ભારતીય ઉપગ્રહને અવકાશી કચરાથી બચાવવા માટે ઈસરો દ્વારા તાજેતરમાં કઈ જગ્યાએ Space Situational Awarness Control Centreની સ્થાપનાનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે ? – બેંગાલુરુ (કર્ણાટક)

26. તાજેતરમાં ભારતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી આમિર ખાને આદિજાતિ વિસ્તારના ખેલાડીઓ માટેની કયા રાજ્યની 'મિશન શકિત' અને 'મિશન શૌર્ય' યોજના લોન્ચ કરી છે ? – મહારાષ્ટ્ર

27. તાજેતરમાં દક્ષિણ આફ્રિકાના કયા પ્રસિદ્ધ બોલરે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે ? – શ્રી ડેલ સ્ટેન

28. તાજેતરમાં ભારતના મહિલા રેસલર સુશ્રી વિનેશ ફોગટે પોલેન્ડ ઓપન રેસલિંગ ટુર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. .. કયા વજન વર્ગની સ્પર્ધામાં આ તેમનો સતત ત્રીજો ગોલ્ડ મેડલ હતો ? – 53 કિલોગ્રામ

29. ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળ (CAB) દ્વારા તાજેતરમાં કયા ભારતીય ક્રિકેટરને લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રી અરૂણલાલ




# દેશના ગૌરવ તથા જમ્મુ કાશ્મીરના વિકાસ માટે કેન્દ્ર સરકારનો અભૂતપૂર્વ ઐતિહાસિક સાહસી નિર્ણય

**જમ્મુ કાશ્મીરને દેશનો સૌથી વધુ વિકસિત પ્રદેશ બનાવવા તેનો 'વિશેષ રાજ્ય'નો દરજ્જો જ નહિ, 'રાજ્ય' તરીકેનો દરજ્જો પણ છિનવાયો**

5 ઓગસ્ટ, 2019ના રોજ ભારતના ગૃહ મંત્રી **શ્રી અમિત શાહે** ભારતની **રાજ્યસભામાં** કરેલી જાહેરાત અનુસાર એ અંગેની તમામ ઔપચારિકતાઓ પૂરી થયા બાદ –

(1) જમ્મુ–કાશ્મીર **'વિશેષ રાજ્ય'** કે **'રાજ્ય'** પણ રહેશે નહિ.

(2) જમ્મુ–કાશ્મીરની જગ્યાએ **બે નવા કેન્દ્ર શાસિત પ્રદેશ** અસ્તિત્વમાં આવશે.

(3) આ બે નવા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં **(i) જમ્મુ કાશ્મીર** અને **(ii) લદાખ**નો સમાવેશ થાય છે.

(4) આ બન્ને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી **જમ્મુ કાશ્મીર**ને પોતાની વિધાનસભા હશે. જ્યારે લદાખને **વિધાનસભા** આપવામાં આવી નથી.



સરકારના આ નિર્ણય બાદ ભારતના 29 રાજ્યોની સંખ્યા ઘટીને 28 થઈ જશે.

- અને 7 કેન્દ્ર શાસિત પ્રદેશોની સંખ્યા વધીને 9 થઈ જશે.
- આથી, ભારતમાં હવે 29 રાજ્ય અને 7 કેન્દ્ર શાસિત પ્રદેશોની જગ્યાએ 28 રાજ્ય અને 9 કેન્દ્ર શાસિત પ્રદેશ હશે.
- આ ઉપરાંત ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી વિધાનસભા વધીને હવે ત્રણ થઈ જશે.
- અત્યાર સુધી ભારતમાં ફક્ત બે જ કેન્દ્ર શાસિત પ્રદેશો દિલ્હી અને પુડુચ્ચેરીમાં જ વિધાનસભા હતી. હવે તેમાં જમ્મુ-કાશ્મીરનો પણ ઉમેરો થયો છે.

**કઈ બંધારણીય પ્રક્રિયાને આધારે સરકારના આ નવા નિર્ણયનો અમલ થશે ?**

સરકારના ઉપરોક્ત નિર્ણયના અમલ માટે સરકારે નીચેની ત્રણ બાબતોનો આધાર લીધો છે :



(1) રાષ્ટ્રપતિના આદેશથી 1954ના Constitution (Application to Jammu and Kashmir) Order, 1954 આદેશને રદ કરીને અનુચ્છેદ 367માં પેટા (4) જોડવામાં આવ્યો છે.

(2) રાષ્ટ્રપતિના જાહેરનામાથી અનુચ્છેદ 370 હટાવવામાં આવી છે.

(3) 'જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન બિલ 2019' સંસદમાં પસાર કરવામાં આવ્યું છે.

**(1) અનુચ્છેદ 367માં પેટા (4) ઉમેરવા માટેનો આદેશ અને તેનું મહત્ત્વ**

5 ઓગસ્ટ, 2019ના રોજ ભારતીય બંધારણના અનુચ્છેદ 370(1) દ્વારા આપવામાં આવેલી શક્તિઓનો ઉપયોગ કરીને રાષ્ટ્રપતિશ્રીએ 'The Constitution (Application to Jammu And Kashmir) Order, 2019' નામથી એક આદેશ જાહેર કર્યો હતો.

- આ આદેશ દ્વારા –

1. 'The Consitution (Application to Jammu and Kashmir) Order, 1954' રદ કરવામાં આવ્યો છે.
2. ભારતીય બંધારણમાં સમય સમય પર કરવામાં આવતી બંધારણની તમામ જોગવાઈઓ જમ્મુ કાશ્મીરને લાગુ થશે અને આ જોગવાઈઓ જે અપવાદો અને ફેરફારોને આધારે થશે તે અનુચ્છેદ 367ના પેટા (4)માં જોડવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## The Consitution Order, 1954 શું છે ?

ભારતીય બંધારણના અનુચ્છેદ 370(1)(d) અનુસાર જમ્મુ–કાશ્મીર સરકાર (મંત્રી પરિષદ)ની સહમતિથી ભારતના રાષ્ટ્રપતિ પોતાના આદેશ દ્વારા ભારતીય બંધારણની જોગવાઈઓ જમ્મુ કાશ્મીરમાં લાગુ કરી શકે છે.

- આ અંતર્ગત ભારતમાં સૌપ્રથમ 1950માં રાષ્ટ્રપતિએ 'The Consitution (Application to Jammu and Kashmir) Order, 1950 અથવા તો 'બંધારણ (જમ્મુ કાશ્મીરને લાગુ) આદેશ, 1950' જાહેર કર્યો હતો.
- ઈ.સ. 1950માં જાહેર થયેલા આ આદેશ અંતર્ગત કેન્દ્ર સરકારને ત્રણ વિષયો : (1) સંરક્ષણ, (2) વિદેશ બાબતો અને (3) સંચાર બાબતે જમ્મુ કાશ્મીર માટે કાયદો ઘડવાની છૂટ મળી હતી.
- 1950 બાદ રાષ્ટ્રપતિએ 1954માં ફરીથી આદેશ જાહેર કર્યો હતો.
- જમ્મુ કાશ્મીરમાં વર્તમાન સમયે લાગુ થતી ભારતીય બંધારણની તમામ જોગવાઈઓ રાષ્ટ્રપતિના 1954ના આદેશ પ્રમાણે જ લાગુ થતી હતી.
- **1954ના રાષ્ટ્રપતિના આદેશની જમ્મુ કાશ્મીરને વિશેષાધિકારો આપતી કેટલીક જોગવાઈઓ આ પ્રમાણે છે :**

(1) ભારતીય બંધારણનો **ભાગ-3** કે જે મૂળભૂત અધિકારો સાથે સંબંધિત છે તે જમ્મુ કાશ્મીરમાં અમુક અપવાદો સાથે લાગુ પડે છે. જે મુજબ જમ્મુ કાશ્મીરના નાગરિકોને **સંપત્તિનો મૂળભૂત અધિકાર** મળે છે. જ્યારે ભારતના નાગરિકો માટે **44મા બંધારણીય** સુધારા **1978**થી સંપત્તિના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે રદ કરવામાં આવ્યો છે.

(2) ભારતીય બંધારણનો **ભાગ-4 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો'** અને **ભાગ-4 (ક) 'મૂળભૂત ફરજો'** જમ્મુ કાશ્મીર રાજ્યને લાગુ પડશે નહિ.

(3) ભારતીય બંધારણનો **ભાગ-6 'રાજ્ય સરકાર'** ભારતના તમામ રાજ્યોમાં લાગુ પડશે પણ તે જમ્મુ કાશ્મીરમાં લાગુ પડશે નહિ.

(4) ભારતમાં જે વિષયોનો સમાવેશ કેન્દ્ર યાદી, રાજ્ય યાદી કે સમવર્તીયાદીમાં થયો ન હોય તેવા તમામ **અવશિષ્ટ યાદી**ના વિષયો પર કાયદો બનાવવાની સત્તા **સંસદ**ને છે. પરંતુ જમ્મુ કાશ્મીરમાં આ સત્તા **જમ્મુ કાશ્મીર વિધાનમંડળને** આપવામાં આવી હતી.

(5) ભારતીય બંધારણના **ભાગ-16** અંતર્ગત રાજ્ય વિધાનસભામાં **અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST)**ને આપવામાં આવતી અનામતની જોગવાઈ જમ્મુ કાશ્મીરને લાગુ પડશે નહિ.

(6) ભારતીય બંધારણનો ભાગ–18 કે જે કટોકટીની જોગવાઈઓ સાથે સંબંધિત છે, તેની અસર જમ્મુ–કાશ્મીર રાજ્યમાં નીચે મુજબ લાગુ થશે :

(i) અનુચ્છેદ 352 મુજબ રાષ્ટ્રીય કટોકટી જો યુધ્ધ અને બાહ્ય આક્રમણોને લીધે ભારતમાં ઘોષિત થઈ હોય તો જમ્મુ–કશ્મીરને લાગુ પડશે. પરંતુ જો રાષ્ટ્રીય કટોકટી આંતરિક અશાંતિને લીધે જાહેર થાય તો તે રાજ્યમાં ફક્ત રાજ્ય–સરકારની (મંત્રીપરિષદની) ભલામણને આધારે જ લાગુ થશે.

(ii) **ભારતના** અન્ય રાજ્યોમાં **અનુચ્છેદ 356 મુજબ** રાષ્ટ્રપતિ શાસન લાગુ પડે છે. જ્યારે જમ્મુ કાશ્મીર રાજ્યમાં **જમ્મુ કાશ્મીર**ના **બંધારણની કલમ-92** મુજબ પહેલા 6 મહિના રાજ્યપાલ શાસન લાગુ થશે અને ત્યારબાદ રાષ્ટ્રપતિ શાસન લાગુ થશે.

(iii) અનુચ્છેદ 360 અંતર્ગતની 'નાણાકીય કટોકટી' જમ્મુ કાશ્મીરને લાગુ પડશે નહિ.

(7) ભારતીય બંધારણનો ભાગ–20 અનુચ્છેદ 368 'બંધારણીય સુધારા' સાથે સંકળાયેલો છે. આ ભાગ દ્વારા ભારતના બંધારણમાં થયેલ સુધારાઓ જમ્મુ કાશ્મીરમાં ત્યાં સુધી લાગુ નહિ પડે કે જ્યાં સુધી રાષ્ટ્રપતિ આદેશ દ્વારા તેને જાહેર ન કરે.

- પરંતુ બંધારણીય સુધારાને જમ્મુ કાશ્મીરમાં લાગુ કરતો આવો આદેશ રાષ્ટ્રપતિ જમ્મુ કાશ્મીર સરકારની (મંત્રીપરિષદની) સહમતિથી જ જાહેર કરી શકે છે.

(8) રાષ્ટ્રપતિના આદેશ 1954 મુજબ ભારતીય બંધારણની નીચે આપેલી 4 અનુસૂચિઓ જમ્મુ–કશ્મીરને લાગુ પડતી નથી.

(i) પાંચમી અનુસૂચિ :– અનુસૂચિત વિસ્તારોના નિયંત્રણ અને વહીવટ સંબંધિત

(ii) છઠ્ઠી અનુસૂચિ :– અમુક ઉત્તર–પૂર્વ રાજ્યના આદિવાસી વિસ્તારના વહીવટ સંબંધિત

(iii) અગિયારમી અનુસૂચિ :– પંચાયતો સંબંધિત

(iv) બારમી અનુસૂચિ :– નગરપાલિકા સંબંધિત

## The Consitution Order, 1954 રદ થવાનું મહત્ત્વ

વર્ષ **2019**ના રાષ્ટ્રપતિના આદેશથી **'બંધારણ (જમ્મુ કાશ્મીરને લાગુ) આદેશ, 1954'** રદ થવાથી ઉપરોક્ત તમામ જોગવાઈઓ કે જે ભારતના અન્ય રાજ્યોના નાગરિકોને મળતી જોગવાઈઓથી ભિન્ન છે, તે આપો આપ જ હવે રદ થઈ ગઈ છે.

- આથી, હવે આ વિશેષ જોગવાઈઓ જમ્મુ કાશ્મીરમાં લાગુ થશે નહિ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અનુચ્છેદ 367ના પેટા (4)માં કઈ જોગવાઈ કરવામાં આવી છે ?

રાષ્ટ્રપતિના વર્ષ 2019ના આદેશમાં ભારતીય બંધારણના અનુચ્છેદ 367માં પેટા (4) ઉમેરવામાં આવી છે. જેમાં કેટલાક શબ્દોમાં ફેરફાર કરવામાં આવ્યો છે –

- **અનુચ્છેદ 367(4)(b)** અનુસાર **'રાજ્યની વિધાન સભાની (મંત્રી પરિષદ)ની સલાહ પર રાષ્ટ્રપતિ'** શબ્દની જગ્યાએ **'જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલની ભલામણથી રાષ્ટ્રપતિ'** શબ્દ ઉમેરવામાં આવ્યો છે.
- **અનુચ્છેદ 367(4)(d)** અનુસાર ભારતના બંધારણના **અનુચ્છેદ 370**માં ઉલ્લેખ કરવામાં આવેલ **'રાજ્યની બંધારણ સભા'** શબ્દ હવે **'રાજ્યની વિધાનસભા'** તરીકે ઓળખાશે.

## અનુચ્છેદ 367ના પેટા (4)ની જોગવાઈનું મહત્ત્વ

ભારતીય બંધારણના અનુચ્છેદ 367માં પેટા (4) ઉમેરીને તેમાં કરવામાં આવેલા ફેરફારોને કારણે જમ્મુ કાશ્મીરની વિધાનસભા કે મંત્રી પરિષદની સત્તા **રાજ્યપાલ**ને આપવામાં આવી છે.

- આ ઉપરાંત **'રાજ્યની બંધારણ સભા'**ને સ્થાને **'રાજ્યની વિધાનસભા'** શબ્દ કરવામાં આવ્યો છે. જે અનુચ્છેદ 370ની જોગવાઈઓ રદ કરવા માટે ખૂબ જ મહત્ત્વનો છે.
- આ અગાઉ અનુચ્છેદ 370ની જોગવાઈ રદ કરવા માટે **'રાજ્યની બંધારણ સભા'**ની મંજૂરી જરૂરી હતી. હવે તે કાર્ય **'રાજ્યની વિધાનસભા'**ની (તથા **રાજ્યમાં રાષ્ટ્રપતિશાસન દરમિયાન સંસદની**) મંજૂરીથી પણ કરી શકાશે. અને આ જોગવાઈને આધારે જ અનુચ્છેદ 370 રદ કરવામાં આવી છે.

## બંધારણની કઈ જોગવાઈને આધારે રાષ્ટ્રપતિએ વર્ષ 2019નો આદેશ જાહેર કર્યો છે ?

ભારતીય બંધારણના **અનુચ્છેદ 370(1)** અથવા તો **અનુચ્છેદ 370(1)(d)** અંતર્ગત મળેલી સત્તાને આધારે રાષ્ટ્રપતિએ ઉપરોક્ત આદેશ જાહેર કર્યો છે.

- અનુચ્છેદ 370 (1) (d) અનુસાર **જમ્મુ કાશ્મીર સરકાર (મંત્રી પરિષદ)**ની સહમતિથી ભારતના રાષ્ટ્રપતિ પોતાના આદેશ દ્વારા ભારતીય બંધારણની જોગવાઈઓ જમ્મુ કાશ્મીરમાં લાગુ કરી શકે છે.
- જમ્મુ કાશ્મીરમાં જ્યારે **રાષ્ટ્રપતિ શાસન** અસ્તિત્વમાં હોય ત્યારે **રાજ્યપાલ**ની સહમતિથી રાષ્ટ્રપતિ આ આદેશ લાગુ કરી શકે છે.

## (2) અનુચ્છેદ 370 હટાવવા માટેનું રાષ્ટ્રપતિનું જાહેરનામુ

6 ઓગસ્ટ 2019ના રોજ ભારતીય બંધારણના **અનુચ્છેદ 370 (1)** તથા **અનુચ્છેદ 370 (3)** દ્વારા આપવામાં આવેલી શક્તિઓનો ઉપયોગ કરીને **સંસદની ભલામણ** દ્વારા રાષ્ટ્રપતિશ્રીએ **6 ઓગસ્ટ 2019**થી **અનુચ્છેદ 370ની તમામ જોગવાઈઓ રદ કરી દીધી છે.**

- અનુચ્છેદ 370 હવે આ રીતે વંચાશે –

  ભારતીય બંધારણ, જમ્મુ કાશ્મીરનું બંધારણ કે અન્ય કોઈ પણ એક્ટ કે નિયમમાં બીજે કયાંય પણ જમ્મુ કાશ્મીરને લગતી ગમે તે જોગવાઈ હોય તેમ છતાં અને કોઈપણ જાતના અપવાદ વિના **ભારતના બંધારણની તમામ જોગવાઈઓ જમ્મુ કાશ્મીર રાજ્યને લાગુ પડશે.**

## રાષ્ટ્રપતિના જાહેરનામાને સંસદનું સમર્થન

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રી **શ્રી અમિત શાહે** રજૂ કરેલા અનુચ્છેદ 370ની નાબૂદી અંગેના ઉપરોક્ત પ્રસ્તાવના **સમર્થન**માં **લોકસભા**માં **351** અને **વિરુદ્ધમાં 72** મત પડયા હતા. આ પ્રસ્તાવ **રાજ્યસભા**માં પણ પસાર થઈ ગયો હતો. અને આમ, સંસદના સમર્થન બાદ ભારતીય બંધારણના **અનુચ્છેદ 370**ની **અગાઉની તમામ જોગવાઈઓ રદ થઈ ગઈ છે.**

- ટૂંકમાં, હવે ભારતીય બંધારણના અનુચ્છેદ 370ની નવી જોગવાઈ અનુસાર કોઈપણ જાતના અપવાદ વિના **ભારતીય બંધારણની તમામ જોગવાઈઓ જમ્મુ કાશ્મીર રાજ્યને લાગુ થશે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અનુચ્છેદ 370 હટાવવાનું મહત્ત્વ

અનુચ્છેદ 370 રદ થવાથી આ અનુચ્છેદ અંતર્ગત જમ્મુ કાશ્મીરને મળેલા તમામ વિશેષાધિકારો આપો આપ જ રદ થઈ ગયા છે.

- આ ઉપરાંત વિવાદાસ્પદ **અનુચ્છેદ 35-A**ની જોગવાઈઓ પણ રદ થઈ ગઈ છે.




## અનુચ્છેદ 35-A શું છે ?

- ભારતીય બંધારણની **કલમ 35-A દ્વારા જમ્મુ કાશ્મીર વિધાનસભા**ને જમ્મુ કાશ્મીરના 'કાયમી રહેવાસી (Permanent Residents)' કોને ગણવા તે નક્કી કરવાનો અને આવા 'કાયમી રહેવાસીઓને' **ખાસ અધિકારો અને વિશેષાધિકારો** આપવાની સત્તા આપવામાં આવી હતી.
- આ કલમ અંતર્ગત મળેલી સત્તા અનુસાર જમ્મુ કાશ્મીરના બંધારણમાં જમ્મુ કાશ્મીરના 'કાયમી રહેવાસીની વ્યાખ્યા સુનિશ્ચિત કરવામાં આવી છે. એ અનુસાર **14 મે 1954**ના રોજ જે લોકો જમ્મુ કાશ્મીરના નાગરિક હોય અથવા સળંગ દસ વર્ષથી જમ્મુ કાશ્મીરમાં રહેતા હોય અને ત્યાં કાયદેસર રીતે સ્થાવર સંપત્તિ ધરાવતા હોય એવા લોકો જ જમ્મુ કાશ્મીરના 'કાયમી રહેવાસી' ગણાશે.

## જમ્મુ કાશ્મીરના કાયમી રહેવાસીને મળતા વિશેષાધિકારો

- જમ્મુ કાશ્મીરના આવા 'કાયમી રહેવાસી'ઓને જમ્મુ કાશ્મીરમાં કેટલાક વિશેષાધિકારો આપવામાં આવ્યા છે, જેમ કે,
  (1) ફક્ત જમ્મુ કાશ્મીરના 'કાયમી રહેવાસી'ને જ જમ્મુ કાશ્મીરમાં **સંપત્તિ ધરાવવા**નો હક છે.
  (2) ફક્ત જમ્મુ કાશ્મીરમાં 'કાયમી રહેવાસી'ને જ જમ્મુ કાશ્મીરમાં **નોકરી મેળવવા**નો અધિકાર છે.
  (3) જમ્મુ કાશ્મીરમાં **સ્કોલરશિપ કે અન્ય સરકારી સહાય** ફક્ત ત્યાંના 'કાયમી રહેવાસી'ઓને જ મળે છે.
- વર્તમાન સમયે જમ્મુ કાશ્મીરમાં એવા ઘણા બધા લોકો જમ્મુ કાશ્મીરમાં છે કે જેઓ વર્ષોથી ત્યાં વસવાટ કરે છે અને તેમની પાસે ભારતીય નાગરિકતા છે. પરંતુ જમ્મુ કાશ્મીરના 'કાયમી રહેવાસી'નો દરજ્જો મળ્યો નથી. જેમ કે, આઝાદી બાદ ભાગલા સમયે પાકિસ્તાનથી આવેલા નિરાશ્રિતો, પંજાબથી આવેલા સફાઈ કામદારો અને કાશ્મીરી સૈન્ય માટે લડેલા ગુરખાઓને કાશ્મીરના 'કાયમી રહેવાસી' તરીકે સ્વીકારવામાં આવ્યા નથી.
- વળી જમ્મુ કાશ્મીરની મહિલા જો બિનકાશ્મીરી સાથે લગ્ન કરે તો તે મહિલાનો સંપત્તિનો અધિકાર ખત્મ થઈ જાય છે અને તેના બાળકોને પણ એ અધિકાર મળતો નથી.

## કલમ 35-A અંગેની બંધારણીય જોગવાઈ

- **14 મે 1954**ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ **શ્રી ડો. રાજેન્દ્રપ્રસાદ** દ્વારા **એક આદેશ** – **The Constitution (Application of Jammu Kashmir) Order, 1954** બહાર પાડીને ભારતીય બંધારણમાં કલમ 35-A ઉમેરવામાં આવી હતી.
- ભારતીય બંધારણના **અનુચ્છેદ 370 (1) (d)** અંતર્ગત મળેલા વિશેષાધિકારોને આધારે જ રાષ્ટ્રપતિશ્રીએ ઉપરોક્ત **કલમ 35-A** ભારતીય બંધારણમાં વિવાદાસ્પદ રીતે સંસદની મંજૂરી વિના જ ઉમેરી હતી.
- આથી, અનુચ્છેદ 370ની તમામ જોગવાઈઓ રદ થતા અનુચ્છેદ 370 (1)(d)ને આધારે રચાયેલી અનુચ્છેદ 35-A પણ હવે આપો આપ જ રદ થઈ ગઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અનુચ્છેદ 370 તથા 35-A રદ થવાથી શું અસર થશે ?

ભારતના બંધારણમાંથી અનુચ્છેદ 370 તથા અનુચ્છેદ 35-A રદ થવાથી આ મુજબના ફેરફારો અથવા તો પરિવર્તન થશે.

### અનુચ્છેદ 370ના વિશેષાધિકારો સમાપ્ત થવાની અસરો

| અનુચ્છેદ 370ના વિશેષાધિકારો અંતર્ગતની સ્થિતિ | અનુચ્છેદ 370ના વિશેષાધિકારો સમાપ્ત થયા બાદની સ્થિતિ |
|---|---|
| 1. અનુચ્છેદ 35A અંતર્ગત જમ્મુ કાશ્મીરના કાયમી નાગરિકોને વિશેષાધિકારો મળતા હતા. | 1. અનુચ્છેદ 35A રદ થશે. હવેથી જમ્મુ કાશ્મીરના કાયમી નાગરિકોને વિશેષાધિકારો મળશે નહિ. |
| 2. જમ્મુ કાશ્મીરના બંધારણ મુજબ રાજ્યને પોતાનો રાષ્ટ્ર ધ્વજ હતો. | 2. હવે જમ્મુ કાશ્મીર રાજ્યનો પોતાનો ધ્વજ નહિ રહે ફક્ત ભારતનો રાષ્ટ્ર ધ્વજ જ માન્ય રહેશે. |
| 3. અન્ય રાજ્યોના નાગરિકો જમ્મુ કાશ્મીરમાં મિલકત ખરીદી શકતા ન હતા, તેઓને ફક્ત જમીન કે મિલકત લીઝ પર મળતી હતી. | 3. અન્ય રાજ્યના નાગરિકો પણ જમ્મુ કાશ્મીરમાં મિલકત ખરીદી શકશે. |
| 4. જમ્મુ કાશ્મીરના કાયમી નાગરિકોને બેવડી નાગરિકતા મળતી હતી. | 4. અનુચ્છેદ 370ના વિશેષાધિકારો સમાપ્ત થયા બાદ હવે જમ્મુ કાશ્મીરના નાગરિકો અન્ય નાગરિકોની જેમ ફક્ત ભારતના નાગરિક ગણાશે. |
| 5. જમ્મુ કાશ્મીરમાં SC અને STને અનામત મળતું ન હતું. | 5. જમ્મુ કાશ્મીરમાં SC અને STને અનામત મળશે. |
| 6. અનુચ્છેદ 356 જમ્મુ કાશ્મીરમાં અપવાદો સાથે લાગુ પડતી. (ઉદા. પહેલા 6 મહિના રાજ્યપાલ શાસન અને પછી રાષ્ટ્રપતિ શાસન) | 6. અનુચ્છેદ 356 જમ્મુ કાશ્મીર રાજ્યમાં અપવાદો વિના લાગુ પડશે (ઉદા. સીધુ રાષ્ટ્રપતિ શાસન) |
| 7. ભારતનું બંધારણ જમ્મુ કાશ્મીરમાં અમુક અપવાદોથી લાગુ થતું હતું. | 7. હવેથી ભારતનું સંપૂર્ણ બંધારણ કોઈ પણ જાતના અપવાદો વિના જ જમ્મુ કાશ્મીરમાં લાગુ થશે. |
| 8. જમ્મુ કાશ્મીરમાં માહિતીનો અધિકાર (RTI) લાગુ પડતો ન હતો. | 8. જમ્મુ કાશ્મીરમાં માહિતીનો અધિકાર (RTI) લાગુ થશે. |
| 9. રાજ્યની વિધાનસભાનો કાર્યકાળ 6 વર્ષનો હતો. | 9. રાજ્યની વિધાનસભાનો કાર્યકાળ 5 વર્ષનો થશે. |
| 10. મૂળભૂત અધિકારો અપવાદોથી લાગુ થતા અને જમ્મુ કાશ્મીરના નાગરિકોને સંપત્તિનો અધિકાર મૂળભૂત અધિકાર હતો. | 10. મૂળભૂત અધિકારો અન્ય નાગરિકોની જેમ જ મળશે. ભારતના બંધારણમાં સંપત્તિનો અધિકાર મૂળભૂત નથી. જે હવે જમ્મુ–કાશ્મીરમાં પણ લાગુ થશે. |
| 11. અન્ય રાજ્યના નિવાસીને જમ્મુ કાશ્મીરમાં જાહેર ક્ષેત્રમાં રોજગારી મળતી ન હતી. | 11. અન્ય રાજ્યના નિવાસીને જમ્મુ કાશ્મીરમાં જાહેર ક્ષેત્રમાં રોજગારી મળશે. |
| 12. જમ્મુ કાશ્મીરમાં અનુચ્છેદ 360 (નાણાકીય કટોકટી) લાગુ પડતી ન હતી. | 12. જમ્મુ કાશ્મીરમાં અનુચ્છેદ 360 (નાણાકીય કટોકટી) લાગુ પડશે. |
| 13. જમ્મુ–કશ્મીરમાં પહેલા રાજ્યપાલ કાર્ય કરતા. | 13. હવેથી રાજ્યપાલની બદલે ઉપરાજ્યપાલ રહેશે. |

## ભારતીય બંધારણની કઈ જોગવાઈઓને આધારે રાષ્ટ્રપતિશ્રીએ અનુચ્છેદ 370 રદ કરી છે

ભારતીય બંધારણના **અનુચ્છેદ 370 (1)** તથા **અનુચ્છેદ 370 (3)**ને આધારે મળેલા વિશેષાધિકારોને આધારે **સંસદની ભલામણથી** રાષ્ટ્રપતિશ્રીએ **જાહેરનામુ (Declaration)** પ્રસિદ્ધ કરીને અનુચ્છેદ 370ની તમામ જોગવાઈઓ નાબૂદ કરી છે.

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 370 (1)** અનુસાર રાષ્ટ્રપતિ **જમ્મુ કાશ્મીર સરકારની (મંત્રી પરિષદની)** સહમતિથી ભારતીય બંધારણની કોઈ જોગવાઈ જમ્મુ કાશ્મીરમાં લાગુ કરી શકે છે.
- જમ્મુ કાશ્મીરમાં હાલ રાષ્ટ્રપતિ શાસન હોવાથી **રાજ્યપાલ**ની સહમતિથી રાષ્ટ્રપતિ ભારતીય બંધારણની કોઈ જોગવાઈ જમ્મુ કાશ્મીરમાં લાગુ કરી શકે છે.
- આ ઉપરાંત ભારતીય બંધારણના **અનુચ્છેદ 370 (3)** અનુસાર ભારતના રાષ્ટ્રપતિ **જાહેરનામા** દ્વારા આદેશ આપીને **અનુચ્છેદ 370** રદ કરી શકે છે.
- જોકે, રાષ્ટ્રપતિ આવો આદેશ **'જમ્મુ કાશ્મીરની બંધારણ સભા'**ની ભલામણથી જ આપી શકે છે.
- પરંતુ, તાજેતરમાં **5 ઓગસ્ટ, 2019**ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરવામાં આવેલા **આદેશ** અનુસાર ભારતીય બંધારણના **અનુચ્છેદ 367(4)(d)** અનુસાર **'જમ્મુ કાશ્મીરની બંધારણ સભા'**નો અર્થ હવે **'જમ્મુ કાશ્મીરની વિધાનસભા'** થશે.
- પરિણામે, હાલ જમ્મુ કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન હોવાથી **'જમ્મુ કાશ્મીર વિધાનસભા'**ની જગ્યાએ **સંસદ**ની ભલામણથી **અનુચ્છેદ 370 (3)** અંતર્ગત મળેલી સત્તાને આધારે રાષ્ટ્રપતિશ્રીએ અનુચ્છેદ 370 રદ કરી છે.
- રાષ્ટ્રપતિ શાસન દરમિયાન સંસદની ભલામણ વિધાનસભાની ભલામણ ગણી શકાય છે કેમ કે ભારતીય બંધારણના **અનુચ્છેદ 356(1)(b)** મુજબ રાષ્ટ્રપતિ શાસન દરમિયાન **રાજ્ય વિધાનમંડળ**નો વહીવટ **સંસદ** કરી શકે છે.

## (3) જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન બિલ, 2019

જમ્મુ કાશ્મીરના પુનર્ગઠન માટે ભારતના ગૃહ મંત્રી **શ્રી અમિત શાહે** 5 અને 6 ઓગસ્ટ 2019ના રોજ અનુક્રમે ભારતની **રાજ્યસભા** અને **લોકસભા**માં **'જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન બિલ, 2019' (Jammu and Kashmir Reorganisation Bill, 2019)** રજૂ કર્યું હતું.

- આ બિલના સમર્થનમાં **રાજ્યસભા**માં **125 અને વિરુદ્ધમાં 61** મતો પડયા હતા.
- જ્યારે **લોકસભા**માં આ બિલ **370 વિરુદ્ધ 70** મતોથી પસાર કરવામાં આવ્યું છે.
- રાષ્ટ્રપતિની મંજૂરી બાદ આ બિલ કાયદાનું સ્વરૂપ ધારણ કરશે.

## જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન બિલ, 2019ની મહત્ત્વની જોગવાઈઓ

ભારતની સંસદમાં પસાર થયેલા જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન બિલ, 2019ની મહત્ત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) જમ્મુ કાશ્મીરનું વિભાજન બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં થશે : **(i) કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર** અને **(ii) કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખ**

(2) આ બંનેમાંથી કેન્દ્ર શાસિત પ્રદેશ **જમ્મુ કાશ્મીર**માં **વિધાનસભા** હશે. જેનો કાર્યકાળ **5 વર્ષ**નો હશે.

(3) **જમ્મુ કાશ્મીર** વિધાનસભામાં **107 બેઠકો** હશે. જે વધારીને **114** સુધી કરી શકાશે.

(4) જ્યારે **લદાખ** માટે અલગ વિધાનસભાની જોગવાઈ કરવામાં આવી નથી.

(5) **લેહ અને કારગિલ** જિલ્લાનો સમાવેશ કેન્દ્ર શાસિત પ્રદેશ **લદાખ**માં થશે.

(6) જ્યારે જમ્મુ કાશ્મીરના અન્ય જિલ્લાઓ કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અંતર્ગત રહેશે.

(7) જમ્મુ કાશ્મીર **લોકસભા**ની વર્તમાન 6 **બેઠકો**માંથી કેન્દ્ર શાસિત પ્રદેશ **જમ્મુ કાશ્મીર** માટે **5** અને **લદાખ** માટે **1 બેઠક** ફાળવવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(8) હાલ જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા અને વિધાન પરિષદ એમ બંને અમલમાં છે. જોકે આ ખરડાના અમલ બાદ જમ્મુ કાશ્મીરમાં માત્ર **વિધાનસભા** જ અસ્તિત્વમાં રહેશે.

(9) જમ્મુ કાશ્મીરમાં અગાઉ **'રાજ્યપાલ'** દ્વારા કેન્દ્ર સરકારનો વહીવટ ચલાવવામાં આવતો હતો. જ્યારે હવે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરમાં **'રાજ્યપાલ'**ની જગ્યાએ **'ઉપરાજ્યપાલ'**ની નિમણૂક કરવામાં આવશે.

(10) કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરની વિધાનસભાના સત્રને બોલાવવાનો, સમાપ્ત કરવાનો અને તેને વિસર્જન કરવાનો અધિકાર **ઉપરાજ્યપાલ** પાસે રહેશે.

(11) કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા હોવાથી ત્યાં **મુખ્યમંત્રી અને મંત્રી પરિષદ** પણ રહેશે.

(12) મુખ્યમંત્રીશ્રી નિમણૂક **ઉપરાજ્યપાલ** કરશે જ્યારે અન્ય મંત્રીઓની નિમણૂક **ઉપરાજ્યપાલ મુખ્યમંત્રીની સલાહથી કરશે.**

(13) કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખનો વહીવટ કરવા માટે પણ રાષ્ટ્રપતિ **અનુચ્છેદ 239** મુજબ **ઉપરાજ્યપાલ**ની નિમણૂક કરશે, પરંતુ ત્યાં વિધાનસભા હશે નહિ.

(14) કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરની વિધાનસભા અને કેન્દ્ર સરકારના કાયદાઓમાં વિરોધાભાસની સ્થિતિમાં **સંસદના કાયદાઓ માન્ય રહેશે.**

(15) જમ્મુ કાશ્મીરની હાલની **હાઈકોર્ટ** હવે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર અને કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખ એમ બંનેની **સંયુક્ત હાઈકોર્ટ** ગણાશે.

(16) વિધાનસભા સાથેના કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર બન્યા બાદ હવેથી તે ફક્ત રાજ્યયાદી અને સમવર્તીયાદીના વિષયો પર જ કાયદો બનાવી શકશે.

(17) આ ઉપરાંત **'જાહેર આદેશ'** અને **'પોલીસ'** જેવા રાજ્યયાદીના વિષયો પણ કેન્દ્ર સરકાર પાસે જ રહેશે, જમ્મુ કાશ્મીર સરકાર પાસે નહિ.

**નોંધ :** (1) જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ **શ્રી સત્યપાલ મલિક** હવે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરના **પ્રથમ ઉપરાજ્યપાલ** હશે.
(2) જમ્મુ કાશ્મીર વિધાનસભામાં આ અગાઉ 111 બેઠકો હતી. જેમાંથી 24 બેઠકો POK (પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર) માટે ફાળવવામાં આવી હતી. કેમ કે POKએ ભારતનો જ અભિન્ન ભાગ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યનું પુનર્ગઠન કરવાની સંસદની સત્તા

- ભારતીય બંધારણનો **અનુચ્છેદ 2** મુજબ સંસદ ભારત સંઘમાં નવું રાજ્ય દાખલ કરી શકે અથવા સ્થાપી શકે છે.
- ભારતના બંધારણની **અનુચ્છેદ 3** સંસદને સત્તા આપે છે કે સંસદ ભારત સંઘના રાજ્યોમાં નીચે મુજબ ફેરફાર કરી શકે છે :
  (1) કોઈ રાજ્યમાંથી પ્રદેશ અલગ પાડીને અથવા બે કે વધારે રાજ્યો કે રાજ્યોના ભાગને જોડી શકે છે.
  (2) કોઈ રાજ્યના ભાગને અન્ય રાજ્યના ભાગ સાથે જોડી નવું રાજ્ય બનાવી શકે છે.
  (3) કોઈ રાજ્યનો વિસ્તાર ઘટાડી શકે છે.
  (4) કોઈ રાજ્યનો વિસ્તાર વધારી શકે છે.
  (5) કોઈ રાજ્યની સીમાઓ બદલી શકે છે.
  (6) કોઈ રાજ્યનું નામ બદલી શકે છે.
- ભારતીય બંધારણના **અનુચ્છેદ 3**માં **'રાજ્ય'** શબ્દના અર્થમાં **'કેન્દ્ર-શાસિત પ્રદેશ'**નો પણ સમાવેશ થાય છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 3 સંબંધિત ખરડાઓ સંસદમાં રજૂ કરતા પહેલા રાષ્ટ્રપતિની ભલામણ જરૂરી છે.
- રાષ્ટ્રપતિએ આવા ખરડાની ભલામણ કરતા પહેલા રાજ્યની વિધાનસભાને નિશ્ચિત સમયમર્યાદામાં અભિપ્રાય આપવા માટે મોકલવાનો રહેશે.
- રાજ્ય સરકારનો અભિપ્રાય માનવો સંસદ માટે ફરજિયાત નથી.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 4 અનુસાર સંસદ દ્વારા અનુચ્છેદ 2 અને 3 અંતર્ગત થતો સુધારો એ બંધારણીય સુધારો નથી.

**નોંધ :** બંધારણ (જમ્મુ–કાશ્મીરને) લાગુ, 1954ના આદેશ મુજબ જમ્મુ–કાશ્મીર રાજ્યના નામ અને સીમામાં જમ્મુ–કાશ્મીર રાજ્યની વિધાનમંડળની સહમતિ વિના થઈ શકે નહિ. પરંતુ હાલમાં જમ્મુ–કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ છે અને રાજ્યનું વિધાનમંડળ કાર્યરત નથી. આથી રાષ્ટ્રપતિ વતી રાજ્યમાં વહીવટ કરતા 'રાજ્યપાલ'ની સહમતિએ રાજ્ય વિધાનમંડળની સમાન જ ગણાશે. આ બાબતને આધારે જમ્મુ–કાશ્મીર રાજ્યના પુનર્ગઠનનો ખરડો સંસદમાં સરકાર દ્વારા રજૂ થયો હતો.

## જમ્મુ-કશ્મીર અને અનુચ્છેદ 370ની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ
## જમ્મુ-કશ્મરનું ભારતમાં જોડાણ (વિલય) અને તેનો ઈતિહાસ

- ભારતમાં આઝાદી બાદ અંદાજે કુલ 562 દેશી રજવાડાઓ હતા.
- ભારતની આઝાદી બાદ દેશી રજવાડાઓ પાસે ત્રણ વિકલ્પ હતા :

  (1) કાંતો તેઓ ભારતમાં જોડાઈ શકે.

  (2) અથવા તેઓ પાકિસ્તાનમાં જોડાય.

  (3) કે પછી તેઓ સ્વતંત્ર રહે.
- આ દેશી રજવાડાઓને ભારતમાં જોડાવા માટે જૂન, 1947માં 'રિયાસતી (એટલે કે રજવાડા) મંત્રાલય'ની કમાન શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને સોંપવામાં આવી હતી.
- શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે કુનેહપૂર્વક દેશી રજવાડાઓના વિલિનિકરણની પ્રક્રિયા હાથ ધરી અને 15 ઓગષ્ટ, 1947 સુધીમાં બધા દેશી રજવાડાઓને ભારતમાં જોડાવાની ચેતવણી આપી.
- ઉપરોક્ત ચેતવણીના પરિણામે ત્રણ દેશી રજવાડાઓ સિવાય બાકીના બધા જ દેશી રજવાડાઓ ભારતીય સંઘમાં જોડાવા તૈયાર થઈ ગયા.
- બાકી રહેલા ત્રણ દેશી રજવાડાઓમાં **જૂનાગઢ, હૈદરાબાદ અને જમ્મુ કાશ્મીર**નો સમાવેશ થાય છે.
- જેમાંથી **જૂનાગઢ**ને **લોકમત** દ્વારા અને **હૈદરાબાદ**ને **"ઓપરેશન પોલો"** નામની સૈન્ય કાર્યવાહી દ્વારા ભારતમાં જોડવામાં આવ્યા.
- જ્યારે જમ્મુ કાશ્મીરનું ભારતમાં જોડાણ (અથવા તો વિલય) નીચેની પ્રક્રિયાને આધારે થયું હતું.

## જમ્મુ-કશ્મીરનું ભારતમાં જોડાણ (વિલય)

- જમ્મુ કાશ્મીરના રાજા હરિસિંહે ન તો પાકિસ્તાન સાથે જોડાવાની સહમતિ દર્શાવી ન તો ભારત સાથે જોડાવાની સહમતિ દર્શાવી પરંતુ તેમણે કાશ્મીરને સ્વતંત્ર રાખવાનો વિકલ્પ પસંદ કર્યો.
- આથી મહંમદ અલી ઝીણાએ જમ્મુ કાશ્મીરને પાકિસ્તાન સાથે જોડાવા માટે દબાણ કર્યું હતું.
- ત્યારબાદ 22 ઓક્ટોબર, 1947ના રોજ પાકિસ્તાનથી 'કબીલા' નામની લૂંટારુ ટોળકીએ શ્રીનગર કબ્જે કરી કાશ્મીરને પાકિસ્તાન સાથે જોડવાનો પ્રયત્ન કર્યો હતો.
- આથી 25 ઓક્ટોબર, 1947ના રોજ રાજા હરિસિંહે પાકિસ્તાનની લૂંટારુ ટોળકીઓના આક્રમણથી રક્ષણ મેળવવા ભારતીય સૈન્યની મદદ માટે અપીલ કરી હતી.
- પરંતુ શ્રી સરદાર પટેલે એવી શરત મૂકી હતી કે, જમ્મુ કાશ્મીર ભારતમાં ન જોડાય ત્યાં સુધી ભારત સૈન્ય મદદ મોકલશે નહીં.
- આથી, રાજા હરિસિંહ અને જમ્મુ કાશ્મીરની 'નેશનલ કોન્ફરન્સ' પાર્ટીના નેતા શેખ અબ્દુલ્લાએ જમ્મુ કાશ્મીરના અલગ બંધારણના આધારે ભારત સાથે જોડાવાની સહમતિ દર્શાવી હતી.
- 26 ઓક્ટોબર, 1947ના રોજ રાજા હરિસિંહે વિલય પત્ર (Instrument of Accession) પર હસ્તાક્ષર કર્યા.
- એ સમયે વિલય પત્ર પર સહી કરી કોઈપણ દેશી રજવાડું ભારતીય સંઘમાં જોડાઈ શકતું હતું.
- વિલય – પત્ર અનુસાર જમ્મુ–કશ્મીરે ત્રણ વિષયો (1) સંરક્ષણ (2) વિદેશ બાબતો અને (3) સંચારને ભારતની કેન્દ્ર સરકારને સોંપ્યા જ્યારે બાકી વિષયો બાબતે સત્તા જમ્મુ–કશ્મીર રાજ્યે પોતાની પાસે રાખી હતી.
- તે સમયે ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂ દ્વારા જમ્મુ કાશ્મીરના લોકોને એવું આશ્વાસન આપવામાં આવ્યું હતું કે જમ્મુ–કશ્મીરના લોકો પોતાની બંધારણ સભાનું નિમાર્ણ કરશે અને જમ્મુ કાશ્મીર માટે વિશેષ જોગવઈ કરવામાં આવશે.
- ત્યારબાદ ભારતે કાશ્મીરમાં ભારતીય સેના મોકલી શ્રીનગર કબજે કર્યું. કાશ્મીરના 2/3 ભાગ પર ભારતે કબજો કર્યો અને 1/3 ભાગ પર પાકિસ્તાનનો કબજો રહ્યો.

- પાકિસ્તાનના કબજામાં રહેલા કશ્મીરના આ ભાગને પાકિસ્તાન ઓક્યુપાઈડ કશ્મીર (PoK) તરીકે ઓળખવામાં આવે છે.
- ભારત–પાકિસ્તાનના આ સંઘર્ષના મુદ્દાને શ્રી જવાહરલાલ નહેરુ દ્વારા સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં લઈ જવામાં આવ્યો અને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા યુદ્ધવિરામ (Cease Fire) જાહેર કરવામાં આવ્યું.
- યુદ્ધવિરામ બાદ પાકિસ્તાનના કબજા પરના કાશ્મીરના મુદ્દાનો સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 1951માં નિર્ણય આવ્યો.
- સંયુક્ત રાષ્ટ્ર સંઘના આ નિર્ણય અનુસાર ભારત દ્વારા કાશ્મીરમાં જનમતસંગ્રહ (Plebicite) કરાવવાનો હતો. જનમત સંગ્રહ એટલે લોકો નક્કી કરે કે તેઓ ભારતમાં જોડાવવા માગે છે કે પાકિસ્તાનમાં.
- એ જનમત સંગ્રહ કરાવવા પહેલા બે શરતોને પૂરી કરવાની આવશ્યકતા હતી.
  (i) પાકિસ્તાન અધિકૃત કાશ્મીરથી પાકિસ્તાનની સેનાને પાછા બોલાવવામાં આવે.
  (ii) આ જનમત સંગ્રહ શ્રીનગરના પ્રશાસન અંતર્ગત કરાવવામાં આવે.
- જોકે પાકિસ્તાને પાકિસ્તાન અધિકૃત કશ્મીર(PoK)થી પોતાની સેના પાછી બોલાવી આ શર્ત પૂર્ણ કરી નહિ જેથી ભારત દ્વારા પણ જનમત સંગ્રહ કરવામાં આવ્યો નહિ.
- શ્રી જવાહરલાલ નહેરૂ દ્વારા આપવામાં આવેલા આશ્વાસન મુજબ ભારતીય બંધારણમાં જમ્મુ–કશ્મીર રાજ્યને અનુચ્છેદ 370 અંતર્ગત વિશેષ દરજ્જો આપવામાં આવ્યો હતો.

## જમ્મુ કાશ્મીર રાજ્યની બંધારણીય સભા

- જમ્મુ કાશ્મીર રાજ્યની બંધાણીય સભા પ્રથમ વખત 31 ઓક્ટોબર, 1951 ના રોજ મળી હતી.
- 5 વર્ષમાં આ બંધારણીય સભાએ જમ્મુ–કાશ્મીર રાજ્યના બંધારણનું નિર્માણ કર્યું હતું અને 17 નવેમ્બર, 1956 ના રોજ જમ્મુ–કાશ્મીર રાજ્યનું બંધારણ સ્વીકારવામાં આવ્યું હતું.
- 26 જાન્યુઆરી, 1957 ના રોજ જમ્મુ–કાશ્મીર રાજ્યનું બંધારણ અમલમાં મૂકવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જમ્મુ કાશ્મીરના બંધારણની મહત્ત્વની જોગવાઈઓ

- જમ્મુ કાશ્મીરનું બંધારણ જમ્મુ કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ જાહેર કરે છે.
- જમ્મુ કાશ્મીરના બંધારણ મુજબ જમ્મુ કાશ્મીરને પોતાના રાજ્ય નીતિના માર્ગદર્શક સિધ્ધાંતો છે.
- જમ્મુ કાશ્મીરના બંધારણ મુજબ જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા અને વિધાન પરિષદ હશે.
- જમ્મુ કાશ્મીરના બંધારણ મુજબ જમ્મુ કાશ્મીરમાં પોતાની હાઈકોર્ટ છે.
- જમ્મુ કાશ્મીરના બંધારણની **કલમ-92** મુજબ જો જમ્મુ કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન લાગે તો સૌપ્રથમ 6 મહિના માટે રાજ્યપાલ શાસન રહેશે અને ત્યારબાદ રાષ્ટ્રપતિ શાસન લાગુ થશે.
- જમ્મુ કાશ્મીરના બંધારણ મુજબ જમ્મુ કાશ્મીરની સત્તાવાર ભાષા 'ઉર્દુ' રહેશે.
- પહેલા જમ્મુ–કશ્મીરમાં **વડાપ્રધાન** પદ હતું અને વડાપ્રધાન **'વઝીર-એ-આઝમ'** તરીકે ઓળખાતા હતા. જ્યારે રાજ્યપાલ **'સદર-એ-રિયાસત'** તરીકે ઓળખાતા હતા.
- પરંતુ ત્યારબાદ વડાપ્રધાનની જગ્યાએ **'મુખ્યમંત્રી'** અને 'સદર–એ–રિયાસત'ની જગ્યાએ **'રાજ્યપાલ'** નામો મંજૂર કરવામાં આવ્યા હતા.
- જમ્મુ કાશ્મીરના બંધારણ મુજબ જમ્મુ કાશ્મીર રાજ્યની વિધાનસભાનો કાર્યકાળ 6 વર્ષનો રહેશે.
- જમ્મુ કાશ્મીરના બંધારણ મુજબ જમ્મુ કાશ્મીર રાજ્યનો નાગરિક ભારતનો નાગરિક છે અને સાથે સાથે તે જમ્મુ કાશ્મીરનો પણ નાગરિક છે. (આમ તે બેવડી નાગરિકતા ધરાવે છે.)
- જમ્મુ કાશ્મીરની બંધારણ સભાએ 7 જૂન, 1952ના રોજ પોતાના રાજ્યનો **અલગ ધ્વજ** સ્વીકાર્યો હતો.

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- SBI
- PSI
- TALATI
- UPSC
- PO
- PI
- Dy. S.O.
- IBPS
- CLERK
- CONSTABLE
- Dy. MAMLATDAR

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.